## સંપાદકીય

લાગે છે કે આધ્યાત્મિક ગુરુઓ અને મોટીવેશનલ એક્સપર્ટસની ‘વર્તમાનમાં જીવો’ની સલાહ આપણે ભારતના પ્રજાજનો સારી પેઠે પચાવી ગયા છીએ. આપણો સામાજિક માહોલ આ વાતની સાક્ષી પૂરે છે. બીજી જ ક્ષણે શું થશે એની પરવા કર્યા વિના આપણો ટ્રાફિક આ ક્ષણને માણી લો એવા મિજાજ સાથે ચાલી જતો દેખાય છે. આવતીકાલે શું થશે એની ચિંતા કર્યા વિના આપણી દિલ્હી સરકાર અને દિલ્હીના સફાઈ કર્મચારીઓ બે બે અઠવાડિયાથી રસ્સીખેંચ રમી રહ્યા છે અને આપણે સૌ એ ખેલને તબિયતથી ટી.વી. પર માણી રહ્યા છીએ. ‘વિવિધતામાં એકતા’ની જેમ કદાચ ‘અરાજકતા (chaos) માં વ્યવસ્થા’ જોવાની ફિલસૂફી આપણે શીખી લીધી છે.

પણ આ ખેલ આપણને મોંઘો પડી જશે એવી સાચુકલી ચિંતામાંથી જન્મેલા, ગયા અંકના ‘કાંકરીચાળા’ના પ્રતિભાવ રૂપે મળેલા લેખો-વિચારો સૂચવે છે કે સામાજિક ગેરશિસ્તનો રોગ ગંભીર છે, એના મૂળ ઊંડા છે અને ઈલાજ અઘરો છે. અને ખાસ તો, દોષનો ટોપલો કેવળ સરકાર કે તંત્ર ઉપર ઢોળી શકાય તેમ નથી – આપણે સૌએ – નાગરિકોએ, શિક્ષકોએ અને મા-બાપોએ ખાસ – આપણે ત્યાં સામાજિક શિસ્ત ક્ષેત્રે પ્રવર્તમાન અરાજકતા (chaos) ની જવાબદારી સ્વીકારવી જ રહી. અને સફાઈ, નિયમપાલન, સૌજન્યપૂર્ણ વ્યવહાર, નિયમિતતા જેવા ગુણોને આપણા સમાજજીવનનાં મૂલ્યો તરીકે સ્થાપિત કરવા રહ્યાં.

અમેરિકા સ્થિત મિત્ર અશોક વિદ્વાંસની ઉત્સાહપૂર્ણ સામેલગીરીથી ત્યાંના મિત્રોમાં પણ આ મુદ્દે વિચારવલોણું ચાલ્યું, અને એના પરિપાક રૂપે કેટલાક તર્ક-વિવેકપૂર્ણ લેખો મળ્યા એ ઉલ્લેખનીય છે. ખાસ કરીને ‘તળે ઉપર’માં સમાવેલ શ્રી સુબોધ શાહ અને પ્રશાંત વણકૂદ્રેનું (બંને NRI અભ્યાસીઓ)નું વિશ્લેષણ તલસ્પર્શી અને રેશનલ હોઈ ધ્યાન ખેંચશે. આ વર્ષે શરૂ કરેલા બે વિભાગો – ‘જંજીર પણ ઝાંઝર નહીં’ના શીર્ષક નીચે એક લેખમાળા (શ્રી દર્શના વ્યાસ) અને ‘સાંપ્રત’ માં ચર્ચાસ્પદ જાહેર મુદ્દાઓની છણાવટ – આ અંકમાં પણ જોવા મળશે. જો કે આ બાબતે ચર્ચા સ્વરૂપે પ્રતિભાવોની અપેક્ષા હતી જે ફળી નથી એ સખેદ નોંધવું રહ્યું.

આપણા મુર્ધન્ય લેખક શ્રી લાભશંકર ઠાકરના અવસાન નિમિત્તે ‘ગમતાંનો ગુલાલ’માં એમનો એક લેખ આપણને સૌને ક્યારેક અનુભવાતી ગૂંગળામણ સામે ઝઝૂમવાનું ભાથું પૂરું પાડશે એવી આશા સાથે.



નિરંજન શાહ



## તળેઉપર

# ૧. યજ્ઞકાર્ય

### વિનોબા

સફાઈકાર્ય એક યજ્ઞકાર્ય છે. આપણે કોઈ એવા સમયની કલ્પના નથી કરી શકતા કે માનવ સફાઈ-યજ્ઞ બંધ કરી દેશે. અલબત્ત વિજ્ઞાનની પ્રગતિ થતી જશે તેમ તેમ આ સફાઈયજ્ઞનું રૂપ બદલાતું રહે તે સંભવ છે. પહેલાના સમયમાં જેટલા સમયમાં સફાઈ કામ આપણે કરતા, તેનાથી ઓછા સમયમાં તેનાથી વધુ સારી સફાઈ આપણે આજે કરી શકીએ છીએ. સફાઈની પદ્ધતિમાં ફરક પડશે, પણ સફાઈયજ્ઞ બંધ નહીં થાય. તે નિત્ય યજ્ઞ છે. જેમ ખાવાનું જીવન સાથે જોડાયેલું છે, તેમ સફાઈયજ્ઞ એ જીવન સાથે જોડાયેલો છે.

સફાઈનું કામ પણ શિક્ષણનો એક વિષય છે. ગામેગામ અને ઘેરઘેર, સફાઈ થવી જોઈએ. આ એક નિત્ય કાર્ય છે. છૂટ્યા વિના હર હાલતમાં આ કરવાનું જ હોય છે. તેથી શાસ્ત્રકારોએ સ્વચ્છતાને પરમેશ્વરની ભક્તિના એક અંગ તરીકે સ્વીકાર્યું છે. આ સર્વથા ઉચિત જ છે.

ભારતમાં આપણી (સર્વોદયની) નાની-મોટી લગભગ ૫૦૦ સંસ્થાઓ છે. તેમાં સફાઈકાર્યના અનેક પ્રયોગો થયા છે. તેમાંથી એક સારું એવું ‘સફાઈશાસ્ત્ર’ જ તૈયાર થઈ ગયું છે. હવે એ શાસ્ત્રનો અમલ કરીને એ સંસ્થાઓ પોતાની આસપાસના ક્ષેત્ર માટે આદર્શ દાખલારૂપ બને, તે જરૂરનું છે. આ કામ સર્વોદયનું એક અનિવાર્ય અંગ છે.

અસ્વચ્છતા ભારતનો મોટો રોગ છે, અને તેનું ભાન સુધ્ધાં આપણને નથી કે આપણે કેટલા ગંદા છીએ. તેનું મુખ્ય કારણ ભારતની ગરીબાઈ છે. અતિ ધનવાન થવું તે પાપ છે, તેમ અતિગરીબ રહેવું તે પણ પાપ છે. આ પાપ ભારતમાંથી હટાવવું જોઈએ.

સ્વચ્છ ભારતની સિદ્ધિ માટે ભારે મોટી તપશ્ચર્યા કરવી પડશે. જનતાને સર્વ રીતે શિક્ષિત કરવી પડશે. સદીઓ પુરાણી લોકોની ગંદી ટેવો છોડાવવી પડશે. આ કામ સત્તાથી નહીં, નિગ્રહથી નહીં, પરંતુ શિક્ષણથી જ થઈ શકશે. પ્રચારનું સ્થાન છે, પણ ઠાલા ઉપલકિયા પ્રચારથી કશું નહીં થાય.

સાર્વજનિક સ્થળોની સફાઈ માટે સહુએ સહયોગ દેવો જોઈએ - વિદ્યાર્થીઓએ, શિક્ષકોએ, સ્ત્રીઓએ, પુરુષોએ. જો બહેનો આ કામ કરશે તો ભારતમાં ક્રાંતિ થઈ જશે. એક ભાઈ મને કહી રહ્યા હતા કે ‘સફાઈકામને તેઓ કાર્ય નથી સમજતા.’ પરંતુ મારા મતે તો, ભારતનો પ્રશ્ન છે, ત્યાં તો સ્વચ્છતા પોતે જ ક્રાંતિ

છે. આપણે એટલા સંસ્કારહીન થઈ ગયા છીએ કે, આપણને આવી ક્રાંતિની જરૂરિયાત છે. ક્રાંતિનો મતલબ છે મૂલ્ય પરિવર્તન. આજે અહીંની હાલત તો એવી છે કે, સ્વચ્છતાનું મૂલ્ય સ્થાપિત જ નથી થયું. માટે તો સફાઈનો કાર્યક્રમ લેવો જોઈએ, તે ખુદ જ ક્રાંતિ છે.

અંગ્રેજીમાં કહેવત છે કે સફાઈ તે ઈશ્વરભક્તિની સમાન છે. પરમેશ્વરની ભક્તિની પછી તેઓએ સ્વચ્છતાને સ્થાન આપ્યું છે. પરંતુ આપણે ત્યાં તો શુચિતાની વ્યાખ્યામાં આંતર્બાહ્ય બંને સ્વચ્છતાનો સમાવેશ થાય છે. આંતરિક શુદ્ધિ તો થવી જ જોઈએ. પરંતુ બહારની સ્વચ્છતા વિના પરિપૂર્ણ શુચિતાની અનુભૂતિ નહીં થઈ શકે અને જ્યાં બાહ્ય શુદ્ધિ છે, ત્યાં આંતરિક શુદ્ધિ સહજ પ્રાપ્ય છે.

('ભૂમિપુત્ર'માંથી સાભાર)

## ૨. અવનતિ, કુટેવો અને કૂટપ્રશ્નોના મૂળમાં ધર્મ

**સુબોધ શાહ**

(શ્રી સુબોધ શાહ અમેરિકા સ્થિત વૈજ્ઞાનિક, અભ્યાસુ વિચારક છે.)

''હું આવો અને તું તેવો'', એમ કેમ? આ પ્રશ્ન દેખાય છે તેટલો સાદો નથી. અસાધારણ પ્રતિભાવાન અને ગુનેગાર બંને પ્રકારની વ્યક્તિઓ એવી કેમ બની એ વિશે પુષ્કળ સંશોધન થયું છે. પરંતુ મારા તમારા જેવા સામાન્ય લોકો વિશે ઘણું ઓછું. એને લોકરાજ્યના યુગની એક કમનસીબી ગણી શકાય.

માણસના વ્યક્તિત્વનું ઘડતર બે રીતે થાય છે. Nature and Nurture એટલે કે જન્મજાત (DNA, પૂર્વજન્મ વગેરે) અને સંસ્કારજન્ય (સંજોગો, શિક્ષણ વગેરે). પહેલા પર આપણો કોઈ અંકુશ નથી. એટલે બીજા વિશે જ અહીં વાત કરીએ.

સમાજનાં વલણ ને વર્તન, માન્યતાઓ ને મૂલ્યો, ટેવો ને વિશિષ્ટતાઓ - આ બધા માટે વપરાતો એક સમૂહવાચક શબ્દ એટલે સંસ્કાર કે Culture. બે રીતે એ મળે છે : ૧. કુટુંબ કે સમાજમાંથી અને ૨. કેળવણી કે અભ્યાસથી. સમાજની દરેક વ્યક્તિ સમાજના બહુમાન્ય સંસ્કારો (કલ્ચર)ને આપોઆપ પામી જાય છે. જન્મ અને ઉછેરના આ સંસ્કારોને પાર કરીને જવું ખૂબ જ મુશ્કેલ પડે છે. કોઈ પણ બે સમાજની સરખામણી કરવી હોય તો એ બંને સમાજના કલ્ચરની વાત કરવી પડે.

દુનિયાના ઈતિહાસમાં જેને અંધારિયો યુગ અને પછી મધ્ય યુગ કહેવામાં આવે છે, ત્યાં સુધી ભારત દેશ પછાત, નિર્ધન કે નબળો હોતો. યુરોપમાં સોળ-સત્તરમી સદીઓમાં એવો એક ચમત્કાર થયો કે જેથી આખી દુનિયાનો ઈતિહાસ સંપૂર્ણપણે બદલાઈ ગયો. આ ચમત્કાર એટલે પહેલાં ધાર્મિક/સાંસ્કારિક અને પછી વૈજ્ઞાનિક ક્રાંતિ. એમાંથી જન્મી ઉદ્યોગ



અને પ્રગતિની ગંગા-જમના. ટેકનોલોજીમાં સ્વ-વૃદ્ધિનો ગુણ હોય છે. ઔદ્યોગિક ક્રાંતિએ માણસ જાતની પ્રતિદિન વિકાસ પામતી પ્રગતિના દરવાજા કાયમ માટે ખુલ્લા કરી આપ્યા. આ સમયે નવા વિચારો, નવા આદર્શો, અરે આખેઆખાં નવાં શાસ્ત્રો (રસાયણશાસ્ત્ર, અર્થશાસ્ત્ર, કેલ્ક્યુલસ) શોધાયાં. પ્રચલિત બન્યાં. એ બધું જ આપણે ચૂકી ગયા.

ઔદ્યોગિક ક્રાંતિથી થયેલું આ પરિવર્તન ફક્ત ભૌતિક ન હતું. ભૌતિકના પાયામાં બૌદ્ધિક અને સાંસ્કારિક વધુ પ્રમાણમાં અને વધુ વ્યાપક હતું. ઔદ્યોગિક સંસ્કૃતિએ ઔદ્યોગિક સંસ્કારોને જન્મ આપ્યો. ખેતીવાડીના સંસ્કારો ગૌણ થયા. શહેરી સંસ્કારો આરૂઢ થયા. જડતા અને સ્થિરતાના સ્થાને વિકાસ ને વિવિધતા આવ્યાં. પરંપરાને હઠાવી પ્રયોગશીલતા આવી. આપણે ફક્ત ભૌતિક પ્રગતિ ચૂકી ગયા નથી. આપણે પ્રગતિનું કલ્ચર, પ્રગતિના વિચારો, પ્રગતિની માનસિકતા (Mindset) ચૂકી ગયા છીએ. અને ખુદ પ્રગતિ કરતાં પ્રગતિશીલ માનસ વિશેષ મૂલ્યવાન છે. ભારતના જીવનમાં રોજબરોજની ઘણી મુશ્કેલીઓનાં મૂળ આપણે ઔદ્યોગિક સંસ્કારો ચૂકી ગયા, એમાં મળી આવશે. ફક્ત બે-ચાર ઉદાહરણો બસ થશે.

(૧) ભારતીયો મોડા પડવા માટે જાણીતા છે એ બધા સ્વીકારે છે. ખેતીવાડીના યુગથી ચાલતા આવેલા આપણા સંસ્કારો એના મૂળમાં છે. સૂરજ એ ખેડૂતનું ઘડિયાળ હતો, પણ કારખાનાંઓમાં મિનિટોનું મહત્ત્વ હોય છે. જે સમાજમાં ઔદ્યોગીકરણ ઓછા પ્રમાણમાં થયું હોય, તે સમાજ (મેક્ષિકો, ભારત)માં લોકોને સમય સાચવવા કે બચાવવા પ્રયત્ન કરવાની ટેવ બહુ હોતી નથી. આજે પણ આપણી ઉત્પાદનક્ષમતા પશ્ચિમના દેશોની સરખામણીમાં અત્યંત નીચી છે.

(૨) આપણી અસ્વચ્છતા અને અનારોગ્યવર્ધક ટેવો જાણીતી છે. એનાં મૂળ ખેતીવાડીની સંસ્કૃતિમાં રહેલાં છે. દાખલા તરીકે, શહેરની ગીચ વસ્તીને જાહેર વાહનોમાં અસ્પૃશ્યતા પાળવી મુશ્કેલ હોય. ઢોર ઢાંખર ને છાણમાટીથી કામ લેવાનું હોય ત્યાં સ્વાભાવિક રીતે જ સાફસૂફી ઓછી રહે. ચેપી રોગો અટકાવવા હોય તો સ્વચ્છતા જાળવવી જ પડે. શહેરોમાં રહેવા માત્રથી ગામડાના સંસ્કારો બદલવા પડે છે.

(૩) શિસ્તબદ્ધતા, સંસ્થાકીય શિસ્ત, વ્યવસ્થિત કામની ટેવ, આ બધું મોટા ઉદ્યોગોમાં ન હોય તો ન જ ચાલે.

(૪) મોટા શહેરના ટ્રાફિકમાં, વ્યવસ્થામાં, લોકોમાં, નાગરિકતા (civic sense) કેળવાય છે અને એ હોવી જ જોઈએ. ભારતીય જીવનમાં આ બધું ઓછું દેખાય છે, એનું સૌથી મહત્ત્વનું ને પાયાનું કારણ શું? ફરી એક વાર,

ઔદ્યોગીકરણથી કેળવાતા સંસ્કારોની ઊણપ, પરંપરાગ્રસ્ત માનસ (Mindset) એટલે કે રૂઢિગત ટેવો.

ભારતીયો આવી બધી ઊણપો રોજ જુએ છે. એકબીજાને ફરિયાદ કરે છે છતાં બહુ ઓછા લોકો એનાં મૂળ કારણો વિશે સ્પષ્ટતાથી વિચારે છે. યુરોપની જેમ આપણે ત્યાં સાંસારિક/

વૈજ્ઞાનિક/ઔદ્યોગિક ક્રાંતિ ન થઈ, એનાં પરિણામો આપણે માટે અતિશય માઠાં ને દૂરગામી નીવડ્યાં એટલે પ્રશ્ન એ નથી કે આપણે કેમ આવા (પછાત) છીએ અને તેઓ કેમ તેવા છે? મૂળમાં રહેલો પ્રાણપ્રશ્ન એ છે કે આવી મહત્ત્વની ક્રાંતિ આપણે કેમ ચૂકી ગયા?

નવા વિચારોની જનક કે પોષક બને એવી સંસ્કારસજ્જતા આપણા સમાજમાં હતી જ નહિ. જ્યાં પુરાતન આચારવિચારનો આટલો ઊંડો પ્રભાવ હોય, ત્યાં વૈજ્ઞાનિક માનસ કેમ કરીને વિકસે? કેરાલામાં કેસર ન થાય, કાશ્મીરમાં એલચી ન ઊગે. સાંસ્કારિક ક્રાંતિના કોમળ છોડને ઉગવાલાયક ભૂમિ કે ભૂમિકા આપણી પાસે ન હતી. ભારતમાં ચીલાચાલુ પુરાણોમાં ખૂંપેલા સંતો હતા. તુલસીદાસ-સૂરદાસ હતા. પરંતુ પોપને પડકારે એવા લ્યુથર-કેલ્વિન ન હતા. ડઝનબંધ ભક્તકવિઓ પાક્યા. પરંતુ કોપરનિક્સ કે કેપ્લર, ગેલિલિયો કે શેક્સપિયર નહિ જ નહિ. તેથી આપણા પ્રાણપ્રશ્નના ગર્ભમાં રહેલો વધુ ગંભીર ને ઊંડો પ્રશ્ન એ છે કે આપણા સંસ્કારો (culture) માં એવું શું હતું કે જે નવા વિચારોને પ્રગટ થતાં, મૌલિકતાને ઊગતાં અટકાવતું હતું?

ભારતીય જીવનના પ્રત્યેક ક્ષેત્રમાં ધર્મ અને કલ્ચર સદા જોડાયેલાં રહ્યાં છે. ભારતીય કલાઓમાં પણ ધર્મનું વર્ચસ્વ છે. શિલ્પકલામાં મંદિરો અને મૂર્તિઓ મુખ્ય છે. નૃત્ય-સંગીત પૂર્વે દીપ પ્રગટાવાય છે. અનેક પ્રકારના મેળાવડાઓનો પ્રારંભ શારદાપૂજન, ગણપતિ અર્ચન, મંત્રપઠન વગેરેથી થાય. સાહિત્યકૃતિઓ દેવવંદનથી શરૂ થાય. રામાયણ, મહાભારત અને પૌરાણિક વાર્તાઓનાં પાત્રો — એ જ ફિલ્મ-ટીવી-નાટકનું, લોકપ્રિય લેખકોનું, વિચારકોનું સુદ્ધાં, મુખ્ય પાથેય ને પ્રેરણાસ્થાન. માણસોનાં તો શું મકાનોનાં નામ સુદ્ધા દેવોના નામ પરથી પડે. ખ્રિસ્તી દેશોમાં જિસસ કે ઝિયસનાં નામ આ રીતે ભાગ્યે જ વપરાય છે. આટલી ધર્મઘેલછા મુસ્લિમ સિવાયના બીજા કોઈ પણ પ્રગતિશીલ દેશમાં ભાગ્યે જ દેખાશે. કોઈ એક હિંદુને જરાક અડકો તો એનામાંથી ફિલસૂફી ખરશે, બેને અડકો તો ત્રણ ધર્મશાસ્ત્રો ટપકી પડશે.

જગતના બે મોટા ધર્મ (હિન્દુ, બૌદ્ધ) અને બે નાના ધર્મ (જૈન શીખ) ભારતમાં જન્મ્યા. સંપ્રદાયો અને ફિરકાઓનો તો પાર જ નહિ. આ બધાંની માન્યતાઓ, રૂઢિઓ, સંસ્કારો અને ધર્મના તાણાવાણા એકબીજા સાથે વણાઈને, ગૂંથાઈને, ગૂંચવાઈને એટલા સેળભેળ થયા કે સદીઓ સુધી આ બધાં એકબીજાને અસર કરતાં રહ્યાં. તેથી ભારતીય સંસ્કારોને ધર્મથી, ધર્મને રૂઢિથી, રૂઢિને માન્યતાથી, માન્યતાને વર્તનથી અલગ તારવીને વાત કરવી એ અશક્ય જેવી વાત છે. સ્વામી વિવેકાનંદ સુદ્ધાં કહે છે : ''આ ભવ્ય ભારતભૂમિમાં, પાયો, કરોડરજ્જુ કે જિંદગીનું કેન્દ્ર — જે કહો તે - ધર્મ અને માત્ર ધર્મ જ છે. ભારતમાં કાંઈ પણ સુધારણા કરવી હોય તો સૌથી પહેલાં તો ધર્મમાં જ ક્રાંતિ કરવી પડે.''

કલ્ચર અને પ્રગતિ ઉપર ધર્મની અસર કોઈ વાર સીધી અને કોઈ વાર આડકતરી છતાં લાંબા ગાળાની ને ધીમી ગતિથી થાય છે. ભારતીય કલ્ચર ઉપર ધર્મનો પ્રભાવ બીજા કોઈ પણ ધર્મ કરતાં અતિશય વિશાળ ને વિપુલ પ્રમાણમાં પડ્યો છે. હિંદુ સમાજના કેટલાક વિશિષ્ટ સંસ્કારો એની પ્રગતિને બ્રેક મારીને ધીમી કરે છે અથવા દિવાલ બાંધીને અટકાવી દે



છે. ખોટી માન્યતાઓને મૂલ્યો તરીકે સ્વીકારેલી હોવાથી આવા હાનિકારક સંસ્કારો પણ હિંદુ વ્યક્તિની પોતાની નજરમાં તો વ્યાજબી ને રેશનલ જ દેખાય છે. આપણો સમાજ એકંદરે પરંપરાજનક (Traditional), પિતૃપ્રધાન (Paternalistic), વીરપૂજક (Hero Worshipping) , સત્તાવાહક (Authoritarian) અને સ્થાનબોધક (Status Conscious) છે. એવા સંસ્કારોનાં મૂળ અનેક પૌરાણિક વાર્તાઓમાં મોજૂદ છે.

આપણા સંસ્કારો તપ અને સહનશીલતાનો પુરસ્કાર કરે છે. જે સમાજમાં કર્મશીલ વ્યક્તિઓ કરતાં સંસારત્યાગી સાધુઓને વધારે માન અને મોભો મળતાં હોય એ સમાજમાં ઉદ્યમ-ઉદ્યોગ કરતાં ત્યાગ-સંન્યાસને વધુ મહત્ત્વ અપાય એ સ્વાભાવિક છે. સફાઈકામની ઈજારાશાહી શુદ્રોને અર્પણ કરી હોય, ગોમૂત્ર કે છાણ પવિત્ર હોય અને ભસ્મ ચોળેલો સાધુ પૂજ્ય સંત મનાતો હોય, એવા સંસ્કારો પામેલા સમાજને સ્વચ્છતા, આરોગ્ય ને જંતુશાસ્ત્રના વિચારો સમજાવવાનું કાર્ય દુષ્કર છે. પાંખી વસ્તીના પુરાતન યુગમાં ખેતીપ્રધાન સમાજ વધુ બાળકો ઈચ્છતો હતો. આજના ઔદ્યોગિક યુગમાં જ્યારે ગીચ વસ્તીવધારાનો પ્રશ્ન ગંભીર બન્યો છે ત્યારે પણ વિધવા કે સંતાનવિહોણી સ્ત્રીને હિંદુ સમાજ અપશુકનિયાળ ગણે છે. આવા અનેક વિચિત્ર ને હાનિકારક સંસ્કારો આપણા સમાજમાં જડ ઘાલીને બેઠા ને આદર્શ ગણાઈને પોષાતા રહ્યા છે.

તો શું પશ્ચિમના સમાજમાં ધર્મ નથી? જરૂર છે. પરંતુ એનાં સ્વરૂપ અને વ્યાપ-વિસ્તાર, એની માન્યતાઓ ને ઈતિહાસ, એ બધું તદ્દન જુદા પ્રકારનું છે અને તેમાંય છેલ્લી પાંચ સદીઓમાં — આપણે ત્યાં હજી સુધી જે થઈ નથી તે - પાયાની ક્રાંતિ થઈ છે. એ વળી બીજો જ મોટો ને રસપ્રદ વિષય છે.

આપણી પુરાતન ફિલસૂફીઓનાં લાંબા ગાળાનાં પરિણામો કેવાં આવ્યાં? અવાસ્તવિક ફિલસૂફીએ પ્રેરેલા ને પોષેલા સંસ્કારોએ સમાજની સામાન્ય બુદ્ધિનું હરણ કર્યું. આપણું આછુંપાતળું બુદ્ધિધન આ લોક પર નહિ, પરલોક પર કેન્દ્રિત થયું. વર્ણવ્યવસ્થાએ શિક્ષણમાં ઈજારાશાહી સ્થાપી. સ્ત્રીજાતિ અભણ અને પછાત રહી. બાળકોનો ઉછેર ખોટી રીતે થયો. સમાજે એની તાકાત ગુમાવી. સંસ્કૃતિએ સર્જનશીલતા ગુમાવી. ધર્મ વિધિઓમાં ગૂંચવાઈ ગયો. રંગદર્શી કલ્પનાઓ, અવાસ્તવિક વલણો અને ભ્રામક વાતોનાં જાળાં ઝાંખરાંએ પ્રજાના માનસમાં કાયમનું ઘર કર્યું. આકાશે અડતા ધૂમાડાને જ કાયમ જોયા કરીએ ત્યારે ઘરના અગ્નિમાં ઇંધણ પુરવાનું ભૂલાઈ જાય. વર્ષાનુવર્ષ અનુમાન, ધારણા ને તરંગોમાં તરતા રહેવાથી વિવેક-વિચારની ટેવ વિસરાઈ જાય. આત્મકેન્દ્રિત વ્યક્તિઓને સામૂહિક કાર્યો ને ફરજોમાં બહુ રસ ન હોય. નવા વિચારો ને વર્તનની સૂગ હોય તો કહેવાતાં 'સનાતન સત્યોના ઓઠા નીચે રહી એમને દૂર રાખવાનું સહેલું છે.

ટૂંકાણમાં : ૧. ધર્મ ૨. ફિલસૂફી ૩. માન્યતાઓ, સંસ્કારો (culture) ૪. ટેવો ૫. પ્રગતિ કે પીછેહઠ. નં. ૧ માંથી નં. ૫ જલદી નજરે ન પડે - સિવાય કે બંનેને જોડતી લાંબી પણ લોખંડી કડીને બરાબર સમજી લઈએ.

(સંપર્ક : 499 A, Stocktoh Lane, Monroe Township, NJ, USA)

# ૩. ભારતીયો અને પશ્ચિમના લોકો : વર્તનભેદનાં કારણો

## પ્રશાંત વણકૂદ્રે

(શ્રી પ્રશાંત વણકૂદ્રે અમેરિકા સ્થિત ફિનાન્સ અને બેકિંગ કન્સલટન્ટ છે. વ્હાર્ટન જેવી પ્રખ્યાત યુનિ.માંથી તેમણે ફિનાન્સમાં ડૉક્ટરેટ કર્યું છે અને સીટી બેંક, લેહમન બ્રધર્સ જેવી અગ્રગણ્ય નાણાકીય સંસ્થાઓમાં પોતાની સેવાઓ આપેલ છે.)

અહીં હું એવી દલીલ કરીશ કે મહેનતુપણું, શિસ્તપાલન, નિયમપાલન, નિયમિતતા, જાહેર જવાબદારી તરફની જાગૃતતા વગેરેને વ્યક્તિઓ પોતે પોતાના પરિસરની જે છાપ (perception) ધરાવે છે, તેના તરફના પ્રતિભાવ રૂપે સમજી શકાય. એટલે કે વ્યક્તિનું વર્તન પરિસર (environment) ઉપર આધાર રાખે છે. પછી વર્તનનાં પરિણામો હોય છે, જે વ્યક્તિગત સ્તરે હોઈ શકે તેમ સમાજના સ્તરે હોઈ શકે. વ્યક્તિ આ પરિણામોની અસર પ્રમાણે પોતાના વર્તનમાં બદલાવ લાવે, જેને કારણે પાછો પરિસરમાં બદલાવ આવે, જેથી પાછાં તેનું વર્તન અને તેનાં પરિણામો બદલાય. આવું સંકુલ આદાનપ્રદાન ક્યારેક કોઈ પણ સ્થાયી તરાહ ન ઉપજાવે, તો ક્યારેક એમાંથી લાંબે ગાળે એક સ્થાયી તરાહ ઊભી થાય. (જેને આપણે કલ્ચર કહીએ.)

આપણે અહીં સામાજિક સ્તરે વ્યક્તિના વર્તનની વાત કરીએ છીએ. સામાજિક વર્તન વ્યક્તિને પોતાના વર્તન દ્વારા થતા લાભની છાપમાંથી ઉદ્ભવે છે. ભારતીય અને પાશ્ચાત્ય લોકોમાં સામાજિક વર્તનની જે જુદી તરાહ દેખાય છે, તેને આ વિશ્લેષણથી સમજી શકાય અને એ પણ સમજાય કે ભારતીયોના સામાજિક વર્તનને વધુ સુંદર બનાવવું શક્ય છે કે કેમ, તથા તે માટે શું થવું જોઈએ.

શું ''કુદરત'' આ વર્તન ભેદનું કારણ છે?

હું આ ખ્યાલને સીધેસીધો ફગાવું છું. કુદરત કે ઉત્ક્રાંતિના કોઈ કારણે આવો ભેદ હોઈ શકે એ વાતને કોઈ વૈજ્ઞાનિક આધાર મળતો નથી.

શું ''વિવેકબુદ્ધિ'' આનું કારણ હોઈ શકે?

વિવેકબુદ્ધિયુક્ત વર્તન એટલે શું, તે તપાસીએ. વ્યક્તિ પોતાની વિવેકબુદ્ધિના આધારે પોતાને પોતાના જાહેરવર્તનથી થતા લાભ અને ગેરલાભનો હિસાબ માંડે જ છે. એને પોતાના વર્તનની કોઈ કિંમત પણ ચૂકવવી પડતી હોય છે, જે માનસિક કે ભૌતિક હોઈ શકે. એની સાથે એને પરિસરમાંથી કેટલાક લાભ થતા હોય છે. જેમાં સરવાળે લાભનું પલ્લું એને નમતું દેખાય, એવું વર્તન એ કરે, આ થયું એનું ''વિવેકબુદ્ધિ''યુક્ત વર્તન.



હવે, વ્યક્તિ જે પરિસર (environment) માંથી મળતા લાભાલાભની ગણતરી કરે છે તેને નજીકથી તપાસીએ. આ પરિસરમાં આર્થિક અને સામાજિક બંને આવી જાય. આર્થિક પરિસરમાં ભૌતિક સંસાધનો, માનવ સંસાધનો, ઉત્પાદન પ્રક્રિયાઓ અને ન્યાયિક વ્યવસ્થા અને તેના અમલનું તંત્ર, આ બધું આવી જાય. આર્થિક પરિસરમાં ચોક્કસ રીતે ઘડાયેલી અને અમલમાં મૂકાયેલી વ્યવસ્થા હેઠળ કામ થાય છે. જ્યારે સામાજિક પરિસર સમાજની દરેક વ્યક્તિના પારસ્પરિક સંબંધોથી ઘડાય છે, જેના નિયમો મોટેભાગે અભિપ્રેત હોય છે, જેને વ્યક્તિએ ટેવ તરીકે પાળવાના હોય છે. આવી ટેવોનો સમૂહ એટલે જ સામાજિક કલ્ચર.

હું માનું છું કે જ્યાં સુધી આર્થિક પરિસરમાંથી મળતા લાભાલાભની વાત છે, ત્યાં સુધી પશ્ચિમ અને ભારતના લોકોનાં વર્તનમાં કોઈ તફાવત નથી. પણ સામાજિક પરિસરમાંથી મળતા લાભાલાભની બાબતમાં તેમનાં વર્તન જુદાં પડે છે.

હવે ભારતીયોના સામાજિક વર્તનને આ પરિપ્રેક્ષ્યમાં તપાસીએ.

અંગત શિસ્ત અને ઉદ્યમીપણું : સ્પષ્ટ છે કે આ બંનેના લાભાલાભ આર્થિક હોવાથી ભારતીયો આ બાબતમાં પાશ્ચાત્યોથી કંઈ જુદા નથી, પરંતુ જો અંગત શિસ્ત અને ઉદ્યમથી પ્રમાણસર આર્થિક વળતર ન મળતું હોય, તો એના માટેની તત્પરતા પણ ઘટી જાય. અને એટલે અંશે વર્તનનાં ધોરણ કથળે. આ બિલકુલ તાર્કિક વાત છે.

કાયદાપાલન : આમાં પણ આર્થિક કાયદા કરતાં સામાજિક કાયદાનું પાલન ઓછું થતું જોવા મળે છે, કારણ કે ભારતમાં સામાજિક કાયદાનું પાલન કરવાનો કોઈ દેખીતો લાભ વ્યક્તિને દેખાતો નથી.

નાગરિક ભાવના (સીવીક સેન્સ) : નાગરિક ફરજો અદા કરવાની કિંમત/લાભ પણ સામાજિક જ હોવાથી અહીં પણ ભારતીયોમાં એવું જ વર્તન દેખાય છે, જેમાં નાગરિક ફરજોની અદાયગી લેખે કોઈ પણ ભોગ આપવાનો હોય નહીં. કચરો ઘરની બહાર રોડ ઉપર ઠાલવવાથી તમારી મહેનત બચતી હોય અને તમે અન્યની હાજરીમાં એવું કરો છતાં ઠપકા કે ઉપાલંભને પાત્ર ન બનતા હો, કે એની સામે આંખ-મીંચામણાં થતા હોય તો તમારે ને સીવીક સેન્સને શું લેવાદેવા?

ટૂંકમાં, વ્યક્તિનું વર્તન તો દરેક જગાએ આ ખર્ચ/લાભની ગણતરીવાળું (રેશનલ!) રહેવાનું. જે ન સમજાય એવી બાબત છે તે એ કે ભારતની સામાજિક વ્યવસ્થાનું કલ્ચર કેમ વ્યવસ્થાભંગ કરનાર ઉપર એની કોઈ કિંમત લાદતું થયું નથી?

હવે, આના બીજા પાસાનો, ઉછેર (nurture) નો વિચાર કરીએ. ઉછેર એટલે બાળકને કુમળીવયથી જ વૃદ્ધિ માટે જે વાતાવરણ મળે તે. સ્પષ્ટ છે કે nurture કે ઉછેરમાં બાળકને વાતાવરણ સાથે કામ પાડવા માટેની આવડત શીખવવાનો પણ સમાવેશ થાય.

પણ સામાજિક વાતાવરણ કે કલ્ચરની પણ એક પ્રકારે ઉત્ક્રાંતિ થતી હોય છે. આવું કલ્ચર બે રીતે સ્થાયી થઈ શકે. એક, જેમાં વ્યક્તિ એમ માનતી થઈ જાય કે બીજી દરેક વ્યક્તિ પોતાના તાત્કાલિક અંગત સ્વાર્થથી પ્રેરાઈને જ એટલે પોતે પણ પોતાના સ્વાર્થથી પ્રેરાઈને જ જાહેરવર્તનમાં પેશ આવે છે. આવા કલ્ચરને આપણે 'અસહકારી' કલ્ચર કહીશું. બીજા પ્રકારમાં, વ્યક્તિ એમ માનતી થઈ જાય કે કોઈ કોઈને છેતરશે નહિ અને દરેક વ્યક્તિ એક બીજા સાથે પ્રમાણિકપણે પેશ આવશે. આવા કલ્ચરને આપણે 'સહકારી' કલ્ચર કહી શકીએ.

પણ 'કલ્ચર'ને ચોકસાઈથી વ્યાખ્યાયિત કરી શકાતું નથી. વળી, સામાજિક નિયમો તો ગર્ભિત કે અભિપ્રેત હોય છે. તે કેવળ વ્યક્તિઓના આંતરસંબંધોમાં જ દેખાય, અને તેમની ટેવોમાંથી જ ઘડાય. એટલે પ્રશ્ન એ છે કે જો નિયમો લખી-પળાવી ન શકાતા હોય તો કલ્ચરને સ્થિરતા કેવી રીતે પ્રાપ્ત થાય? ઉત્તર સામાજિક કલ્ચરના ઘડતરમાં માતા-પિતાનો જે રોલ રહેલો છે તેમાં છે. બાળક માટે જરૂરી છે કે તે સામાજિક નિયમો પણ જાણે. અને કેવળ પેરન્ટીંગ દ્વારા જ આ થઈ શકે. અને આ પેઢી દર પેઢી ચાલ્યું આવે. આવી રીતે સામાજિક નિયમો દૃઢ થતા જાય અને કલ્ચર સ્થિરતા પ્રાપ્ત કરે.

એટલે આપણો મૂળ પ્રશ્ન - 'પશ્ચિમમાં આવું કેમ અને ભારતમાં આવું કેમ' - નો જવાબ બન્ને પ્રદેશોમાં જુદી જુદી રીતે સ્થાયી થયેલાં કલ્ચર છે અને આની પાછળનાં કારણ ઘણા ઊંડા છે, જેમાં સામાજિક ફિલસૂફી (વ્યક્તિ કેન્દ્રિતા કે સમાજ કેન્દ્રિતા), ધર્મનો રોલ, રાજકીય ઈતિહાસ, સામાજિક ઈતિહાસ જેવી અનેક બાબતોનો સમાવેશ થાય.

ઉપસંહારરૂપે એમ કહી શકાય કે, પશ્ચિમનું કલ્ચર 'સહકારી' કલ્ચર રૂપે વિકસેલું છે. જ્યારે ભારતનું કલ્ચર 'અસહકારી' કલ્ચરરૂપે. ભારત માટે આ સ્થિતિમાં ફેર લાવવાનો અવકાશ છે જ. એ ટૂંકા સમયનું કામ નથી, કદાચ ત્રણ કે ચાર પેઢી પછી એવા પ્રયત્નોનાં ફળ જોવા મળે. તાત્કાલિક હાથ ધરવા જેવા ઉપાયોમાં રૂશ્વતખોરી ઘટાડવી, કાયદાકીય જોગવાઈઓ વધુ સખ્ત કરવી, શાસનને પારદર્શી બનાવવું વગેરે હોઈ શકે. સાથે જ બાળકમાં કુમળી વયથી જ કાયદાપાલન તરફ આદર પેદા થાય, કાયદાપાલનની ટેવ પડી જાય તે રીતની શિક્ષણ પ્રણાલી વિકસાવવી જરૂરી છે, જેથી બાળક પુખ્ત ઉંમરનું થાય ત્યારે તે પોતે તો કાયદાભંગ ન કરે, પણ બીજા પણ એવું કરતાં ક્ષોભ અનુભવે એવું વાતાવરણ તૈયાર કરે. અને આમ કરતાં, પેઢી દર પેઢી એક સામાજિક શિસ્ત અને જવાબદારીનું વાતાવરણ તૈયાર થાય. ટૂંકમાં બાળક જ આ માટે એક માત્ર આશા છે, એમ માનીને સઘન પ્રયત્નો કરવા રહ્યા.

(સંપર્ક : 30, Providence Drive, Prinston Junction, NJ, USA )



# ૪. ભારતનું ભવિષ્ય : ઘરમાં ઝાકઝમાળ અને બહાર ગંદકી?

રવિ વેંકટેશન

ભારત અને મોટાભાગના ભારતીયો ધનવાન થતા જાય છે. આપણે હવે નીચલા મધ્યમવર્ગનો દેશ છીએ. દિવસે દિવસે આપણે ગરીબાઈમાંથી છુટકારો મેળવીશું અને સંભવતઃ ધીમે ધીમે આપણી સમૃદ્ધિમાં વધારો થતો જશે. અને આવું સરકાર - કોઈ પણ સરકારની કાબેલિયતને કારણે નહીં થાય, પણ કરોડો હિન્દુસ્તાનીઓની આશા, જોમ અને કૌશલ્યના કારણે થશે.

પણ આપણે સમૃદ્ધ થતા જઈશું છતાં પણ, આપણા જીવનની ગુણવત્તા તો કદાચ બગડતી જ જશે. જેમ જેમ વસ્તી અને વપરાશ વધતાં જાય છે તેમ તેમ આપણે જોઈએ છીએ કે આપણી જાહેર વ્યવસ્થા - આરોગ્ય, શિક્ષણ, કાયદો અને વ્યવસ્થા કે ન્યાય - કથળતી જાય છે.

અને આની સામે આપણો ઈલાજ લગભગ વિના-અપવાદ, ખાનગીકરણનો રહ્યો છે. કંપનીઓ પોતાનાં ઈન્ફ્રાસ્ટ્રક્ચર ઉભા કરે છે, પૈસાદાર મધ્યમ વર્ગ, હાઈરાઈઝડ્ એપાર્ટમેન્ટ કે કિલ્લેબંધ સોસાયટીઓમાં ચાલ્યો જાય છે. જેની અંદર તેમના પોતાના પૂરતી, ઉપર કહી શકાય તે બધી જ વ્યવસ્થા ખાનગી રાહે ઉચ્ચ સ્તરે જળવાય છે. સરવાળે આપણે ત્યાં ઘરમાં ઝાકઝમાળ અને બહાર ઘોર અવ્યવસ્થા એવો માહોલ થતો જાય છે. પણ આવું ક્યાં સુધી ચાલે? ચારેબાજુથી અવ્યવસ્થાના સમુદ્રની વચ્ચે આપણા વ્યવસ્થિત ટાપુઓ ક્યાં સુધી ટકશે?

હવે આ માટે 'સરકાર'ને દોષ દેવો તો બહુ સહેલો છે અને આપણી સરકારો, કોઈપણ રાજકીય રંગની હોય, તે છતાં - આ નિષ્ફળતા માટે કેન્દ્ર, રાજ્ય અને સ્થાનિક, ત્રણે સ્તરે જવાબદાર છે જ. પણ એથી યે વધુ મોટો પ્રશ્ન આપણા પોતાના વર્તનનો છે. બેંગ્લોરના અમારા રસ્તાઓ-ગલીઓ પર શા માટે આટલો સડતો કચરો-ગંદકી દેખાય છે? કોર્પોરેશનનો ઠેકેદાર દરરોજ કચરો ઉપાડી જતો નથી એ મુખ્ય કારણ નથી. આપણે રહેવાસીઓ જ કાયદા પ્રમાણે કચરાને જુદો પાડવાની (સેંદ્રિય, રીસાઈકલેબલ અને ભંગાર) ધરાર દરકાર કરતા નથી અને બધું જેમનું તેમ ગલીના નાકે ઠાલવીએ છીએ. આપણા માટે લાંચ એ કાયદામાંથી છટકવાનો સહેલામાં સહેલો રસ્તો બની ગયો છે. પ્રદૂષણની વાતો કરીએ, પણ આપણાંમાંના કેટલા પોતાની કારને બદલે જાહેર પરિવહન બસ કે મેટ્રોનો ઉપયોગ કરવા તૈયાર છે? આપણાંમાંના કેટલા આપણી વીકએન્ડ રજાઓમાંથી થોડોક સમય જાહેર સ્વચ્છતા પાછળ કે વૃક્ષો વાવવા પાછળ કે, એવાં જાહેર હિતનાં કામો પાછળ આપવા તૈયાર છે? અરે, આપણા કેટલા

ઉદ્યોગપતિઓ કંપનીની સામાજિક જવાબદારીરૂપે હાથ ધરાતા કાર્યક્રમોમાં વ્યક્તિગત રીતે સીધા સંકળાયેલા હોય છે?

એ સમજવાનો સમય આવી ગયો છે કે આપણને કેવળ આપણને યોગ્ય જ સરકાર કે સમાજ મળે! બહુ મોટા ભાગે, આપણી દશાનું કારણ આપણી આપણા પોતાના પ્રશ્નો તરફની ઉપેક્ષા જ છે. લોકતંત્રને યોગ્ય રીતે ચલાવવા માટે આપણે 'નાગરિક'ની જ વ્યાખ્યાને નવેસરથી સમજવી પડશે. લોકતાંત્રિક વ્યવસ્થા બહુ નાજુક હોય છે અને એની સફળતા નાગરિકો પાસેથી તકેદારી, સામૂહિક પુરુષાર્થ અને વ્યક્તિગત ભોગ પણ માગી લે છે. સ્વાતંત્ર્યપ્રાપ્તિ માટે તો આપણે મોટાં બલિદાન આપ્યાં. એક સુવ્યવસ્થિત સમાજની રચના માટે પણ એટલા જ સબળ નેતૃત્વ અને એવાં જ ત્યાગ, બલિદાન જરૂરી છે. ('ટાઈમ્સ ઓફ ઈન્ડિયા'માંથી ટૂંકાવીને)

## વિચારવલોણું પરિવાર દ્વારા પ્રાપ્ય પુસ્તકોની યાદી

| | | | |
|---|---|---|---|
| ૦૧ | અંતિમ મૂલ્યવાન બક્ષિસ (મૂ.લે.જિમ સ્ટેવેલ) | અનુ. મનસુખ રીંડાણી | રૂા. ૨૦.૦૦ |
| ૦૨ | લાવણ્ય (મૂ.લે. રવીન્દ્રનાથ ટાગોર) | અનુકલન : માવજી કે. સાવલા | રૂા. ૩૦.૦૦ |
| ૦૩ | મૃત્યુનો ઉત્સવ | ભાવાનુવાદ : દર્શા કિકાણી | રૂા. ૪૦.૦૦ |
| ૦૪ | સંવાદ (ગુજરાતી) | સારસંક્ષિપ્ત : મુનિ દવે | રૂા. ૨૫.૦૦ |
| ૦૫ | ડૉ. વિક્રમ સારાભાઈ | ડૉ. પદ્મનાભ જોષી | રૂા. ૪૫.૦૦ |
| ૦૬ | યાન્ની | સારાનુવાદ : કલ્પના શાહ | રૂા. ૩૫.૦૦ |
| ૦૭ | અલબેલી | ભાવાનુવાદક : દર્શા કિકાણી | રૂા. ૩૦.૦૦ |
| ૦૮ | ભીતરનું સામર્થ્ય | ભાવાનુવાદ : સોનલ પરીખ | રૂા. ૪૦.૦૦ |
| ૦૯ | હું નફરત નહીં કરું | ભાવાનુવાદ : ડૉ. પ્રફુલ્લ દવે | રૂા. ૨૫.૦૦ |
| ૧૦ | સંસ્થા ઘડતર | સંકલન : મુનિ દવે | રૂા. ૩૫.૦૦ |
| ૧૧ | આત્મા-પરમાત્મા, જન્મ-પુનર્જન્મ | સંપાદક : હિરાલાલ વરિયા | રૂા. ૫૫.૦૦ |
| ૧૨ | બહાનાં ના કાઢ દોસ્ત | ભાવાનુવાદ : દર્શા કિકાણી | રૂા. ૪૦.૦૦ |
| ૧૩ | સ્વીકારથી ચમત્કાર | સંક્ષિપ્ત : ડૉ. વિપુલ દેસાઈ | રૂા. ૩૫.૦૦ |
| ૧૪ | ક્ષિતિજની ધાર પર | ભાવાનુવાદ : સોનલ પરીખ | રૂા. ૪૦.૦૦ |
| ૧૫ | મુક્ત ગગનની બારી | હરેશ ધોળકિયા | રૂા. ૩૫.૦૦ |
| ૧૬ | સંબંધોની ઉષ્મા | માવજીભાઈ સાવલા | રૂા. ૪૦.૦૦ |
| ૧૭ | ફિલસૂફીનું વિશ્વ | માવજીભાઈ સાવલા | રૂા. ૩૫.૦૦ |
| ૧૮ | મિ. ગોડ, ધીસ ઈઝ આન્ના | અનુ. અમી કંદર્પ પંડ્યા | રૂા. ૩૦.૦૦ |
| ૧૯ | આયુર્વેદના પાયા | લેખક : બાલકૃષ્ણ વૈદ્ય | રૂા. ૩૫.૦૦ |



## સંવાદ

(ગયા અંકનો 'કાંકરીચાળો' આપણા યુ.એસ.એ. સ્થિત મિત્ર અશોક વિદ્વાંસને મોકલ્યો હતો, એવી વિનંતી સાથે કે આ મુદ્દા ઉપર એ કે ત્યાં સ્થાયી થયેલ બીજા મિત્રો પ્રતિભાવ આપે. ભાઈ અશોકે ત્યાં એના પર ચલાવેલી વિચારગોષ્ઠીની ઝલક વાચકો માટે રસપ્રદ નીવડશે એવી આશા સાથે અહીં આપેલ છે.)

પહેલાં, ભાઈ અશોકે વહેતી મૂકેલી વાત, એમના જ શબ્દોમાં,

''મિત્રો, અમદાવાદથી એક માસિક પ્રસિદ્ધ થાય છે, જેમાં મારા એક મિત્ર સંપાદક મંડળના સભ્ય તરીકે સંકળાયેલ છે. દરેક અંકમાં જુદા જુદા સંપાદક એક મુદ્દો (કાંકરીચાળો) રજૂ કરે છે. જેના પ્રતિભાવો વાચકો પાસે મંગાવે છે અને પોતાના અંકમાં પ્રસિદ્ધ કરે છે.

હમણાં આ મિત્રે મુદ્દો ઊભો કર્યો કે - પશ્ચિમી સમાજમાં સામાન્ય રીતે જોવા મળતી સામાજિત શિસ્ત અને નાગરિક સમજ (civic sense) આપણે ત્યાં ભારતમાં જોવા મળતી નથી, એનાં કારણો શાં? ધર્મ, રૂઢિઓ, શિક્ષણ, રાજકીય તંત્ર કે કંઈ બીજું? કહેવાની જરૂર નથી કે મારા મિત્ર સંપાદકને આનું તાર્કિક અને અભ્યાસપૂર્ણ વિશ્લેષણ જોઈએ છે.

હું ઉત્તર માટે મથું છું, અને આપસહુને પણ પ્રતિભાવ માટે આમંત્રું છું, આભાર સાથે. - અશોક વિદ્વાંસ.

જવાબમાં ભાઈ અશોકને એમના લગભગ વીસેક મિત્રોએ પ્રતિભાવ આપ્યા, જે બધા તો સ્થળસંકોચને કારણે અહીં સમાવી શકાય તેમ નથી, પરંતુ એમાંના બે અભ્યાસીઓના લેખ 'તળે ઉપર'માં અને બીજા પ્રતિભાવો ટૂંકાણમાં આ સાથે આપેલ છે.

- સામાજિક સંસ્કાર (social culture)ના વિકાસની પ્રક્રિયા : કોઈ પણ સમાજ એક સરખી જરૂરિયાતો ધરાવતી, એક સરખા પડકારોનો સામનો કરતી, સમુહજીવનમાં એકબીજા પર અવલંબિત વ્યક્તિઓથી શરૂ થાય છે. આવો સમાજ સામુહિક પ્રયાસો દ્વારા ધીમે ધીમે પોતાનું એક ધોરણ અને સ્થિરતા પ્રાપ્ત કરે છે. પોતાની સમૃદ્ધિ અને સ્થિરતાને બીજા સમૂહો સાથે ભળીને, વધુ સારા વિચારોને પચાવીને, વધુ સારી રીતરસમોને સ્વીકારીને મજબૂત બનાવે છે. આવા શરૂઆતના ગાળામાં જે સમાજને કોઈ કુદરતી કે માનવસર્જિત હોનારતો, પડકારો, યુદ્ધોનો સામનો ન કરવો પડે તે સમાજ નસીબદાર ગણાય.

આવા સમાજને કેટલાંક ભૌતિક પરિબળો પણ અસર કરે છે. જેમ કે, વસ્તી, આબોહવા, ભૌગોલિક પરિસ્થિતિ વગેરે.

બીજા સમુહો પાસેથી નવા વિચાર જાણવાની, શીખવાની તથા આત્મસાત્

કરવાની ક્ષમતા અને મુક્ત વાતાવરણ પણ જે તે સમાજના સંસ્કારને ઘડે છે.

આ બધા મુદ્દા પરત્વે ભારત અને પાશ્ચાત્ય વિશ્વમાં જે તફાવતો છે, તેના કારણે સામાજિક સંસ્કારોમાં ભિન્નતા અને સ્વચ્છતા, નિયમપાલન, પ્રદૂષણ, શિષ્ટાચાર જેવાં મૂલ્યોમાં અસમાનતા દેખાય છે. - **જયેશ દલાલ,** Morganvile, NJ. USA

- માથાદીઠ આવક, સ્થાનિક સંસ્થાઓ (મ્યુ.કોર્પો., પંચાયતો વગેરે) પાસે સંસાધનોનો અભાવ ભારતની આ સ્થિતિ માટે કારણભૂત છે. ઉપરાંત, કાયદાના અમલમાં ઢીલાશ, કાયદાભંગનો નહીવત્ ડર પણ સ્થિતિને વધુ ખરાબ બનાવે છે.

- **અનામી**

- ''મારા વિચાર પ્રમાણે, ભારતની બહુ મોટી વસ્તી, સંસાધનોનો અભાવ અને લોકોનો સામાજિક શિસ્ત તરફનો અભિગમ આ માટે જવાબદાર છે.

- **મધુ શેઠ,** Mahalapan, NJ, USA

- પશ્ચિમના લોકો તમે દર્શાવેલ મૂલ્યોને ઘણું મહત્ત્વ આપે છે. પૂર્વના લોકોની માનસિકતા એવી હોય છે કે જ્યાં સુધી મારું આંગણું ચોખ્ખું, ત્યાં સુધી બીજાની પરવા શું કરવી! એટલે કે, આવા મૂલ્યપાલનનું એમને મન ગૌરવ નથી. આવા વલણને સામાજિક ઉત્ક્રાંતિ સાથે સંબંધ હોઈ શકે. પશ્ચિમના લોકો ઐતિહાસિક રીતે જોઈએ તો સાહસિક અને વધારે ઊંચા ધોરણો માટે પોતાની સર્જકતા અને મહેનત દ્વારા મથનારા છે. આને માટે સામાજિક વ્યવહારમાં પણ અમુક શિસ્ત સ્થાપિત કરવી પડે, જે અહીંયા થઈ છે. પૂર્વમાં આવું થયું નથી.

અને આ બધા ઉપરાંત, વસ્તીવધારો અને ટાંચા સાધનોએ સામાજિક ગેરશિસ્તના વલણને વધુ વણસાવ્યું છે. - **રોહિણી ભાંન્ગલે,** Marlboro, NJ, USA

## ૧.

## ડૉ. વિજય જોષી

એવું કહેવાય છે કે વિચાર વાણીમાં વાણી કાર્યમાં, કાર્યો ટેવોમાં તથા ટેવો ચારિત્ર્યમાં પરિવર્તિત થાય છે. અને સારા-નરસાં વર્તન-વ્યવહાર પછી ચારિત્ર્યમાં ઊંડા રોપાઈને એનો એક અંગભૂત હિસ્સો બની જાય છે. આ આખી પ્રક્રિયાને અસરકર્તા પરિબળો જોઈએ તો,

ધર્મ : સમાજના વૈચારિક અભિગમ પર ધર્મની ચોક્કસ ગાઢ અસર પડે છે. પશ્ચિમની વાત કરીએ તો, ખ્રિસ્તી ધર્મમાં પ્રામાણિકતા, વૈજ્ઞાનિક અભિગમ અને અભ્યાસ, બંધુતાની ભાવના વગેરે પર વધારે ભાર મૂકાયો છે, જે ભૌતિક પ્રગતિ દ્વારા દુનિયાનાં દુઃખ દૂર કરવા તરફ સમાજને પ્રવૃત્ત કરે છે.



શિક્ષણ :

પશ્ચિમમાં શિક્ષણમાં ચાર તત્ત્વો આંખે ઊડીને વળગે તેવાં છે. એક, શિક્ષણ તમામ માટે વિનામૂલ્ય અને ફરજિયાત છે. આ સ્થિતિએ પહોંચતા એમને બસ્સો વર્ષ લાગ્યાં છે, પણ એને તે હાંસલ થયું છે. બીજું, શિક્ષણ વિદ્યાર્થીને વિચારતાં, પ્રશ્નો પૂછતાં શીખવે છે. ત્રીજું, શિક્ષણ વિદ્યાર્થીના જ્ઞાનની ક્ષિતિજો વિસ્તારે છે અને તેને બંધિયારપણામાંથી મુક્ત કરે છે. ચોથું, શિક્ષણ વિદ્યાર્થીઓમાં વાચનના સંસ્કાર (reading culture) પાડે છે, તેની વાચનભૂખ જાગૃત કરે છે.

સામાજિક-રાજકીય વ્યવસ્થા :

ઉપર વર્ણવેલી શિક્ષણની તરાહને લીધે પશ્ચિમમાં લોકશાહીની વિભાવનાનાં મૂળ ઘણા ઊંડા ગયાં છે અને અહીંની લોકશાહીને પુષ્ટ બનાવી છે.

આમ, વ્યક્તિની, માનવની સજ્જતા/ક્ષમતા પાછળ પશ્ચિમે કરેલા રોકાણને કારણે પશ્ચિમી સમાજ આધુનિક બન્યો છે, રેશનલ બન્યો છે, જેની પાસે પોતાના વર્તન, આચારવિચાર, શ્રદ્ધા, પરંપરાઓ વગેરેનું વિશ્લેષણ કરવાની ઈચ્છા અને તાકાત છે અને પોતાની વ્યક્તિગત, કૌટુંબિક, પ્રોફેશનલ, સામાજિક કે રાજકીય ગતિવિધિઓમાં એ મુજબ બદલાવ લાવવાની ક્ષમતા છે. આ જ કારણે પશ્ચિમના સમાજમાં વૈચારિક સ્વાતંત્ર્ય, વ્યક્તિનો અને તેના વ્યક્તિત્વનો આદર, વ્યક્તિના વિકાસ માટેનું વાતાવરણ, માનવતા, નાગરિક ધર્મ અને ભૌતિકતા તરફનું એક તંદુરસ્ત વલણ તેનાં અંગભૂત મૂલ્યો તરીકે સ્થપાયાં છે.

હવે ભારત તરફ નજર કરીએ તો,

ભારત અને પશ્ચિમનાં કલ્ચર જ જુદાં છે. ભારતમાં નાગરિક ધર્મ પાળવા કે પળાવવા માટે કોઈ જાતનું સામાજિક દબાણ ઊભું થયેલું નથી. અને આ વિષચક્ર છે, કાયદાના અમલ માટેનું તંત્ર પણ નાગરિકધર્મના ઉલ્લંઘન (સ્વચ્છતા કે ટ્રાફિકના નિયમોનો ભંગ)ને કોઈ મૂલ્ય સાથે જોડતું નથી! હવે, સીવીક સેન્સ વ્યક્તિના કુલ ઉછેરનો એક ભાગ છે, સ્વચ્છતા, શિસ્ત, વિનય આ બધાં પરિસરમાં વણાતાં મૂલ્યો છે અને વ્યક્તિનું જાહેરવર્તન આ પરિસર ઉપર આધાર રાખે છે.

વળી, ભારત સ્વતંત્ર થયા પછી પણ રાષ્ટ્રીય ચારિત્ર્યના ઘડતર માટેના કોઈ સભાન પ્રયત્ન થયેલ દેખાતા નથી. એટલે લોકોને પોતાના હકો જ દેખાય છે, ફરજો નહીં. ગરીબી, નિરક્ષરતા અને ઊભરાતી વસ્તી, આ બધું મળીને નાગરિક ધર્મના પાલનને વધુ દુષ્કર બનાવે છે.

એટલે લાગે છે કે કાયદાનું સખ્તાઈથી પાલન કરાવતું તંત્ર અને કડક સજાના પ્રાવધાન દ્વારા પ્રજાને કદાચ નિયમપાલન તરફ વાળી શકાય. ઈન્દીરા ગાંધી દ્વારા

લદાયેલી કમનસીબ કટોકટી દરમિયાન આવું નિયમપાલન દેખાઈ આવતું હતું.

જો કે, એક મુદ્દો નોંધવાનું મન થાય છે કે જો અમેરિકાની વસ્તી ત્રણ ગણી હોત અને એની પાસે જમીન ત્રીજા ભાગની હોત તો અમેરિકનોની સીવીક સેન્સ કેવી હોત, એ એક પ્રશ્ન જ છે, કારણ કે લોકોની મૂળભૂત વૃત્તિઓ દુનિયાભરમાં એક સરખી હોય છે, એવું હું માનું છું.

(West Windsor, NJ, USA)

## ૨. આપણે ક્યાં?

### દીપક વી. નાકરાણી

માનવસમાજની કાયમની સમસ્યા મુખ્યત્વે તો નૈતિકતા અને પ્રામાણિકતાની જ રહી છે. નૈતિકતા એટલે કોઈ પણ ભય કે લાલચ વિના માનવમૂલ્યોને આચરણમાં મૂકવાનો સતત સંનિષ્ઠ પ્રયાસ. માનવમૂલ્યોને બધા જાણે છે અને દરેક મહાનધર્મોના સારરૂપ અભય, શાંતિ, પ્રેમ, પ્રામાણિકતા, નમ્રતા, સંવેદનશીલતા, સ્વાર્થત્યાગ, સંયમ જેવા સદ્‌ગુણોનો એમાં સમાવેશ થયેલો છે, જેના મૂળમાં સત્ય અને અહિંસા રહેલા છે. જે સમાજમાં ખૂબ જ મોટા પ્રમાણમાં માણસો નાગરિક ધર્મ સ્વેચ્છાએ પાળતા હોય ત્યાં એક પ્રકારનું સમાજમૂલ્ય વાતાવરણમાં પ્રસ્થાપિત થતું હોય છે. આ વાતાવરણની અસર હોય તો જ ત્યાં બાકીના શિસ્તહીન લોકોને ખૂબ જ મોટા દંડ અને સજાની જોગવાઈઓ વડે નાગરિક ધર્મ પળાવી શકાય છે, અન્યથા ગમે તેટલી કઠોર અને ચુસ્ત દંડનાત્મક જોગવાઈઓ માત્રથી સમાજ સુધરતો નથી. જ્યાં સ્વતઃ નિયમપાલન, અંતરની સ્વચ્છતા અને પ્રામાણિકતા હોય ત્યાં જ રોજબરોજના વ્યવહારની સરળતા હોય અને આ સરળતા તેમજ શુદ્ધતાને લીધે જ ભ્રષ્ટાચારનો અભાવ હોય. સામાજિક શિસ્ત કે મૂલ્યો ઉપરથી નીચે આવે છે અને નીચેથી ઉપર પણ જાય છે. પરંતુ, શિક્ષિત અને જાગૃત માણસોએ આગળ આવવાની પ્રથમ ફરજ છે. દુર્ભાગ્યે, આ બાબતમાં આપણે પછાત છીએ, કેમ કે આપણો કહેવાતો ઉપલો વર્ગ તો શિસ્ત અને નિયમપાલનને કમજોરી સમજે છે અને એમાંથી છટકવાનું ગૌરવ લે છે. તેથી આમપ્રજા પણ તેને અનુસરે છે. આપણે તો લાચારીથી આપણો ''ધર્મ'' બજાવીએ છીએ. આજે દરેક ક્ષેત્રમાં અને દરેક સમાજમાં એક જ જાગૃતિ આવી છે પોતાના હકો અને અધિકારો માગવાની. અને કમભાગ્યે કોઈ પણ પ્રકારના કર્તવ્યપાલન વિના આપણને આ બધું મેળવવાની સ્વતંત્રતા મળી ગઈ છે. ગાંધીજીએ સ્વરાજનો અર્થ તો ''પોતાનું કર્તવ્ય અને ધર્મ બજાવવાની આડે કોઈ ન આવે તેવી



સ્થિતિનું નિર્માણ'' એવો કર્યો હતો. ફરજપાલનમાંથી જ અધિકારો સ્વતઃ ફલિત થાય છે. બીજો કોઈ માર્ગ નથી. એ સિવાયના અધિકારો અને સ્વતંત્રતા તો પડતીનાં દ્વાર ખોલે છે. આપણને મળેલા મોટાભાગના અધિકારોનું મૂલ્ય કોડીનું પણ નથી કેમ કે એ આપણે કમાણા નથી. આપણને ભીખમાં આવી મળ્યા છે. એને ભોગવવા અને ટકાવી રાખવા માટે આપણામાં આત્મત્યાગ કે જાગૃતિ નથી. લાયકાત ન હોવાથી તેનો સદ્‌ઉપયોગ આપણને સૂઝતો નથી. નેતાઓ કે આમપ્રજાને આજે કોઈ પણ પ્રકારની ખામી બતાવી શકાતી નથી અને સહિષ્ણુતા-અસહિષ્ણુતા એટલે શું, તે આ મૂઢ ટોળાં અને હરામી નેતાઓ નક્કી કરે છે. આવી પરિસ્થિતિનો ગેરલાભ લઈને ચાલાક, નાલાયક, ખંધા અને તકવાદી સત્તાકારણીઓ મસીહાનો મુખવટો ઓઢીને પ્રજાને પડતીના રસ્તે દોડાવી રહ્યા છે. ખરેખર જેને અધઃપતન કહેવાય એને વિકાસ માની લેવાય એના જેવી વિડંબના બીજી કઈ હોઈ શકે? બજારવાદ તેમજ પાયાની જરૂરિયાતોની પૂર્તિમાં જોતરાયેલી ગૌરવપૂર્ણ કર્મઠતાના બદલે તકલાદી ભાગેડુવૃત્તિને પોષતો 'ભદ્રવાદ' શરીરશ્રમ અને સમજદારીને દેશવટો આપીને સર્વત્ર દાટ વાળી રહ્યો છે. ક્યાં છે આપણી સ્વતંત્રતા? સ્વસ્થ વિચાર કરવાનું વાતાવરણ ક્યાં છે? પ્રજા તરીકે આપણી સામે કોઈ વાસ્તવિક ધ્યેય કે આદર્શ નથી. આદર્શવાદના આ ખાલીપામાં ક્રિકેટરો, ફિલ્મ કલાકારો. ભ્રષ્ટ ઉદ્યોગપતિઓ અને સત્તાકારણીઓ આપણા આદર્શ બની બેઠા છે. નીતિ મૂલ્યોની વાતો કરનાર અને તેને વળગી રહેનારને આપણે વેદીયા ગણીને હસીએ છીએ તથા કાયદા નીતિઓનો ધજાગરો ઉડાડતા ભાષણબાજો અને દંભીઓને મૂલ્યવાન ગણીને ગૌરવ કરીએ છીએ. આ બધું કોઠે પડી ગયેલું જણાય છે અને કોઈને કશો રસ્તો સૂઝતો નથી. આપણી પાસે કોઈ મહાન સંસ્થાઓ કે મંડળો બચ્યા નથી અને આપણે ખરેખર મૂલ્યપોષક મહાન પરંપરાઓ જાળવી શક્યા નથી. પ્રજા તરીકે આપણે પ્રાંત, ભાષા, ધર્મ, નાત-જાત, ઉચ્ચ-નીચ, અમીર-ગરીબ જેવા કલ્પના બહારના અનેક વાડાઓમાં બંધિયાર થઈને સડીએ છીએ. છતાં ભાતીગળ સંસ્કૃતિ અને વિવિધતામાં એકતા અને વસુધૈવ કુટુંબકમ્‌નો સંદેશ વિશ્વને આપવાનો ઠેકો રાખીને આપણા દંભી, કઠોર, ચાલાક અને મીંઢા સત્તાકારણીઓ અને ધર્મધૂરંધરો આખા સંસારનો ઉદ્ધાર કરવા નીકળી પડ્યા છે. આવા વાતાવરણમાં સામાજિક આચરણનાં મૂલ્યોની સ્થાપનાનો કોઈ ઉપાય ખરો? ઉપાય એક જ છે. આ વિચારહીન અંધ દાયકાઓના કાળમાં નીડર, નિઃસ્વાર્થ, શાણા માનવોએ પોતાના આચરણને શુદ્ધ અને સરળ કરતાં રહેવું અને પોતાના આચારવિચારને જ ઉદાહરણરૂપ બનાવી મૂકવા. આવા માણસોની સંખ્યા દરેક કાળમાં અલ્પ જ હોય છે એટલે નિરાશ થવાને કશું કારણ નથી, બાકી ઈશ્વરેચ્છા બલીયસી ....!

(સી-૫૦૩૫, શાંતિનગર-૧, કાળીયાબીડ, મુ. ભાવનગર. મો. ૯૯૨૫૦૪૮૩૫૩)

# ૩. ફરજ કે જવાબદારી?

## રણછોડ શાહ

આપણે ત્યાં શિક્ષણનું પ્રમાણ સંખ્યાત્મક દૃષ્ટિએ તો ખૂબ વિકાસ પામ્યું છે. ક્યાંક ક્યાંક તેમાં ગુણાત્મક સુધારો પણ નજરે પડે છે. પરંતુ આપણા રોજિંદા વ્યવહારમાં તો જેટલું નજરે પડવું જોઈએ તેટલું એટલા માટે નથી પડતું કે આપણે શિક્ષણને માત્ર આર્થિક ઉપાર્જન માટેનું સાધન ગણ્યું છે. શિક્ષણ એટલે કેળવણીની સમજ આપણામાં આવી નથી. આઝાદી બાદ શાળા-કોલેજોની સંખ્યાનો આંકડો ખૂબ મોટો થયો. શૈક્ષણિક સંસ્થાઓમાં ભૌતિક વિકાસે હરણફાળ ભરી પરંતુ વ્યક્તિ કે સમાજની કેળવણીના મુદ્દે આપણે ભાગ્યે જ પ્રગતિ કરી છે. ક્યાંક તો તેનાથી વિરુદ્ધ દિશામાં થયું હોય તેવું લાગે છે. સ્વતંત્રતાની ચળવળ દરમિયાન નજરે પડેલ મૂલ્યોનું ધનોતપનોત નીકળી ગયું છે.

થોડાક દિવસ પૂર્વે એક સામાજિક પ્રસંગમાં થોડાક વ્યસ્કો ભેગા થયા હતા. એક ૬૦-૬૫ વર્ષના વડીલ ઉપસ્થિત હતા. તેઓ જે ગામના હતા તે ગામ ધો.૧૦-૧૨ની પરીક્ષામાં ચોરી કરવા-કરાવવામાં પ્રખ્યાત (કુખ્યાત!) હતું. સૌ ઉપસ્થિતો આ બાબતે સંમત હતા. પરંતુ તે વડીલે જે વાત કહી તેનાથી તો ધ્રુજી જવાયું. તેઓએ જણાવ્યું, ''એક વાર ચોરી નહીં કરવા દેવા માટે પ્રાધ્યાપકને ગામની વચ્ચે બરાબર ધીબી નાંખ્યો હતો. તેને કોઈ બચાવવા આવ્યું નહીં. ત્યારબાદ 'માસ્તરો' સીધા થઈ ગયા!'' વડીલ એ ભૂલી ગયા કે ત્યાં ઉપસ્થિત રહેલા લોકો તેમના તરફ માન સન્માનની નજરે જોતા નહોતા? વૃદ્ધાવસ્થાની ઉંમરે પહોંચેલ વ્યક્તિ પણ સારા-ખરાબ વચ્ચેનો ભેદ ન પારખી શકે તો પછી સમાજની ત્રુટીઓ કેવી રીતે દૂર થાય? વાડ જ ચીભડાં ગળે તો પછી કોને કહેવાનું?

અયોગ્ય કે ખોટું કર્યા બાદ પણ તે કરવા જેવું નથી તેવી સમજ મોટપણે પણ ન આવે તો સમાજમાં શિસ્ત, સ્વચ્છતા, નિયમપાલન અને પ્રમાણિકતા કેવી રીતે દૃષ્ટિગોચર થાય? વૈયક્તિક અને સામાજિક ગુણોનો વિકાસ માત્ર પાઠ્યપુસ્તકોના માધ્યમ દ્વારા કરાવી શકાય નહીં. આપણે ત્યાં શાળા-કોલેજોમાં અપાતું શિક્ષણ તો પરીક્ષામાં ઉત્તીર્ણ થવા માટેનું હોય છે. જીવનમાં ઉતારવા માટેનું હોતું નથી. બાળકો કે યુવાનો જે જુએ છે તેવું કરે છે. તેઓ વડીલો કહે તેવું નહીં, કરે તેવું કરે છે.

ઍમિટી શાળામાં આવતા વાલીઓ તેમના વાહનો ઉપર જો ખોટી દિશામાં (wrong side) થી આવતા હોય તો તેમના સંતાનોને કેવી રીતે ટ્રાફિકના નિયમો શીખવી શકાય? શાળાએ આ પરિસ્થિતિને અટકાવવા માટે વાલીઓને વારંવાર વિનંતી કરી છે. પરંતુ પરિણામમાં ખાસ કોઈ ફરક નથી. તેના કરતાં એક વાર તો વિપરીત બન્યું છે. શાળાના સ્વયંસેવક વિદ્યાર્થીઓએ એક વાર ખોટી દિશામાંથી આવતા વાલીને રોકવા પ્રયત્ન કર્યો



ત્યારે તે સજ્જને (!) તો વિદ્યાર્થીને લાફો મારી દીધો. અમારે તે વાલી વિરૂદ્ધ મોરચો કાઢવો પડ્યો. શાળાએ કસ્તૂરબાની પૂણ્યતિથિએ 'કસ્તૂરબા નિર્વાણ દિન , અકસ્માત નિવારણ દિન'ની ઉજવણી કરી. શાળાના લગભગ સાતસો વિદ્યાર્થીઓએ આ દિવસે ઉપવાસ કર્યા. શાળાનું કામ બાળકોને જ નહીં જરૂર પડે વડીલો કે વાલીઓને પણ શિક્ષણ આપવાનું છે.

આપણી આઝાદીની ઉંમર પણ હવે તો ખાસી થઈ. આ સમય દરમિયાન આપણે જાગૃત થઈ જવા જોઈતા હતા પરંતુ થયા નથી તે હકીકત છે. માત્ર નિયમો બનાવવાથી આ કાર્ય નહીં કરી શકાય. યોગ્ય નિયમોનું પાલન ખૂબ સખતાઈપૂર્વક થાય તે આવશ્યક છે. શરૂઆતમાં નિયમોને વળગી રહેવાનું કાર્ય 'જડતા' જેવું લાગે તો તે સ્વીકારીને પણ તેનો કડક હાથે અમલ થાય તેમાં જ આપણું શ્રેય છે એમ આપણે સ્વીકારવું જ રહ્યું.

સામાન્ય રીતે વિશ્વના કોઈ પણ ભાગમાં વ્યક્તિનો અંગત સ્વાર્થ આવે ત્યારે તે નિયમો પાળવામાં માનતો નથી. એક વખત તેને ટેવ પડી જાય તે પછી તે બાબતે વાંધો આવતો નથી. વ્યક્તિઓ અંગત સ્વાર્થના સમયે ખોટી દલીલો કરવામાં પણ હોંશિયારી બતાવે છે. આજથી લગભગ અઢી દાયકા પહેલાં ભરૂચ જિલ્લામાં 'પરીક્ષા શુદ્ધિ અભિયાન' ચાલ્યું હતું. ત્યારે પણ ભણેલા ગણેલા લોકો એવી દલીલ કરતા હતા કે જો ભરૂચના વિદ્યાર્થીઓને ચોરી કરવા દેવામાં નહીં આવે તો તેઓ ગુજરાતના અન્ય વિદ્યાર્થીઓ કરતાં પાછળ રહી જશે! આ દલીલ માત્ર વિદ્યાર્થીઓ જ નહીં તેમના વાલીઓ પણ કરતા હતા. જો વડીલો જ શિસ્ત, પ્રામાણિકતા, વફાદારી અને સદાચાર માટે આગ્રહી ન હોય તો નાના બાળકોને તો શું કહેવું?

પ્રત્યેક 'આજ' આવતીકાલ માટે હોય છે. આ સંજોગોમાં આવતીકાલને રૂડી બનાવવી હોય તો સૌ નાગરિકોએ જવાબદારીપૂર્વક વર્તન કરવું જ જોઈએ. શિક્ષણની સંસ્થાઓ તો જવાબદાર નાગરિક બનાવવા પ્રયત્ન કરશે જ પરંતુ સામાજિક સંસ્થા જેવી કે કુટુંબે પણ આ બાબતે પ્રતિબદ્ધ થવું જ પડશે. સરકારી સંસ્થાઓએ પણ આ બાબતે સજાગ થઈ જનહિતમાં જે કરવું પડે તે કરવું જ જોઈએ. શરૂઆતમાં વિરોધ થાય તો તેની સામે સામા પ્રવાહે જઈને પણ યોગ્ય કાર્ય કરવું જ જોઈએ. સામાજિક રીતે આપણે જવાબદાર થઈએ તે માટેના સૈદ્ધાંતિક પ્રયાસો હવે પૂર્ણ થયા છે. હવે તો પ્રાયોગિક રીતે તેનો અમલ થાય જ તે બાબતે તમામ સંસ્થાઓએ એકી અવાજે કૂદી પડવાનો સમય છે. 'યા હોમ ...'નો સમય છે. આમ પણ આપણે અન્ય દેશોની દૃષ્ટિએ આ બાબતે ઘણા પાછળ છીએ. હવે વખત ગુમાવવો પાલવે તેમ નથી. જો વ્યક્તિ સમજણપૂર્વક જવાબદારી ન સમજે તો તેને ફરજિયાતપણે જવાબદારી સમજાવવી જ જોઈએ તેમાં ક્યાંય અપવાદને સ્થાન ન હોવું જોઈએ. આ સામાજિક વિકાસ છે. વ્યક્તિનો વિકાસ સમાજના વિકાસ સાથે સંકળાયેલો છે. પરસ્પર આધારિત છે તેવા સંજોગોમાં હવે સહેજ પણ મોડું ન થાય તે જોવાની આપણા સૌની ફરજ જ નહીં જવાબદારી છે.

**(૪૭, સુવર્ણપુરી સોસાયટી, ચીકુ વાડી, જેતલપુર રોડ, વડોદરા-૪૦૦૦૦૭)**

## બાળ-અપરાધી માટેની ન્યાયિક વ્યવસ્થા

૨૦૧૨ની નિર્ભયા બળાત્કાર ઘટનાથી દેશ ખળભળી ઉઠ્યો હતો. દેશે કદાચ ક્યારેય ન જોયો હોય તેવો સ્વયંભૂ આક્રોશ ચારે બાજુ નજરે પડ્યો હતો. કારણ બે હતાં. ઘટના તો નિર્ઘૃણ, જઘન્ય હતી જ, પણ એ કૃત્ય એક કિશોરનું હતું. તે વખતે (૨૦૧૨) પ્રવર્તમાન કાયદા હેઠળ આવી સ્થિતિમાં અપરાધીને જો તે ૧૮ વર્ષથી નીચેનો હોય તો બાળક ગણીને એનો કેસ બાળ અપરાધ ધારા નીચે જ ચલાવી શકાય, જેમાં બાળ અપરાધીને મહત્તમ સજા ત્રણ વર્ષની જ થઈ શકે, અને તે ત્રણ વર્ષ દરમિયાન પણ એને જેલમાં નહીં પણ બાળસંરક્ષણ ગૃહમાં રાખવો પડે, જેથી તેને જાત સુધારણાની તક મળે. તે મુજબ કેસ ચાલતાં ઉપરની ઘટનાનો અપરાધી કિશોર જે તે ઘટના વખતે ૧૭ વર્ષ ૬ માસનો હતો, તેને બાળઅપરાધ કાયદા મુજબ ૩ વર્ષની સજા થઈ. અને તેને બાળસંરક્ષણ ગૃહમાં મોકલાયો.

સૌને યાદ હશે કે આ ઘટનાએ એક મુદ્દો ઉગ્રપણે સામે આણ્યો, જેની દેશભરમાં ઉગ્ર ચર્ચા થઈ. ઘણા દબાણ વચ્ચે સરકારને કાયદો સુધારવા માટેનાં પગલાં લેવાની ફરજ પડી. જાહેરજનતા અને તજ્જ્ઞો પાસેથી સૂચનો મંગાવવામાં આવ્યા. પણ એ માટે નીમાયેલી સમિતિ પોતાનું કામ પૂરું કરે તે પહેલાં પેલા અપરાધીની સજાનાં ત્રણ વર્ષ પૂરા થતા હમણાં ૨૦૧૫માં તેને મુક્ત કરવામાં આવ્યો. ફરી, આ અપરાધીની મુક્તિ વખતે જાહેર જનતામાં ખાસ્સો ઉહાપોહ થયો - એ બાબતે કે લગભગ વયસ્ક કહેવાય તેવી વ્યક્તિ અતિજઘન્ય અપરાધની મામુલી સજા ભોગવીને છુટી ગઈ. આ પછી, સરકારે જાહેરજનતાના ભારે દબાણ નીચે સમિતિના રીપોર્ટ મુજબ કાયદો સુધારવા માટેનાં ચક્રો ગતિમાન કર્યાં અને ૨૦૧૫ના અંતમાં નવો બાળઅપરાધ કાયદો અમલમાં આવ્યો. જે દ્વારા ૧૬ થી ૧૮ની વયમાં આચરાયેલા ગુનાનો ન્યાય વયસ્કની જેમ (કેટલીક ખાસ જોગવાઈઓ સાથે) તોળવો, એવું નક્કી થયું.

આખા ઘટનાક્રમમાં નાગરિક સમાજને સ્પર્શે તેવા વૈચારિક તપાસના મુદ્દા કયા હતા, તે જાણવું રસપ્રદ થઈ પડશે. આ બાબત, એક બાજુ –
'ઈન્ડિયન એક્સપ્રેસ' (જુલાઈ ૨૦૧૪)માં અપર્ણા રવિ લખે છે :

બાળ અપરાધ માટેના ન્યાયની વ્યવસ્થા (Juveivle Justice System) કેવળ આરોપીનો ગુનો સાબિત કરીને એને સજા આપવા માટે નથી, બલ્કે બાળકને આવો ગુનો કરવા પ્રેરનારાં, ન દેખાનારાં સામાજિક કારણોની તપાસ કરવાનો પણ છે, જેથી આવા

(અનુસંધાન માટે જુઓ પાના નં. ૨૩)





### જરા

જાતથી ઉપર ઊઠીને જાતને જોઉં જરા,
આયનામાં પડેલા ડાઘને લ્હોઉં જરા.

કેટલું અઘરું છે આ જામથી અળગા થવું
જામથી છૂટા પડીને શું કરું જોઉં જરા.

આ પરસ્પરનું વળગણ કેટલા યુગોતણું,
નાળથી અળગા પડીને હું સ્વયં રોઉં જરા.

જેટલું જે કાંઈ મળ્યું તે ગનીમત હતુ.
આજ જો ને એ બધું પળ મહીં ખોઉં જરા.

જિંદગીના પૃષ્ઠ પરથી શબ્દ સૌ ઊડી ગયા,
અક્ષરોના અર્થમાં હોઉં કે ના હોઉં જરા.

### ઈશ્વર

એ શ્વાસથી પણ નિકટ છે
ને હાથપગથી પાસે
પ્રત્યેક કોષે એ વસે
વસે અનંત આવાસે

આઘાત એમ જ હોય
પડઘો (પ્રત્યાઘાત) તારા હાથમાં
સૂરજ સદા ય શાંત છે
ડૂબતો રોજ આકાશમાં
હલચલ મચે કંઈ આ જગે
તો ય ક્યારેય ના થોભતો
શાને કાજે જીવ તું
અકળાય છે પળવારમાં ....

(Healing through prayer નો ભાવાનુવાદ)

### વિશ્વાસ

તું મારી સાથે છે
તારો હાથ માથે
કણકણમાં તું વસે
પળપળમાં તુ શ્વસે
મારી સામે તું હસે
તું મારી સાથે છે
તારી એક જ આંગળી ઝાલી
આ વિશ્વે વિચરતી હું
પળ પળ મારી સંગાથે
તું છે મારી સાથે
તું મારી સાથે છે.

## ગીત

એક પીંછું માગ્યું ને
દઈ દીધી પાંખો
હવે ઉઘડી ગઈ
જનમુંની આંખો ...

આભમાં ઊડવાને
સાગમટે આવજો.
જો જો કમાડ
ના વાખો ...

હળવેથી ઉંમરાને
ઠેકીને આવજો
મારો વિશ્વાસ
તમે રાખો ...

સરવરમાં પોયણાં
ખીલ્યાં છે આજકાલ
નજરું તો ક્યાંક
ક્યાંક નાખો ...



## રોજ

રોજ
રેતમાં જોવા ચહું છું ચીલો
ને વહેતા વાયરામાં તમારી સુગંધને
તમારા શબ્દોની હૂંફને સ્પર્શવા
મથે છે મારું મન
ને આંખો ...
તમારી આકૃતિને ખોજતી
આમ તેમ દૃષ્ટિ ફેંકી
નિરાશામાં બિડાઈ જાય છે ત્યારે
ભીતરની નિરત ગહરાઈમાં
તમે બોલો છો
'હું અહીં જ છું.'



**જયશ્રી મહેતા**
(૧, સ્મિતા એપાર્ટમેન્ટ, જયમંગલ પાસે, નારણપુરા, અમદાવાદ. મો. ૯૯૨૫૧૮૭૭૪૯)



(પાના નં. ૨૧નું અનુસંધાન)

બાળઅપરાધીને ફરી સ્વસ્થ જીવન જીવવાની તક મળે. એટલે આવા ગુનામાં બાળક ગણવાની ઉંમર ૧૮ થી ઘટાડીને ૧૬ વર્ષ કરવાથી કોઈ ફરક પડે નહીં.

કુશલસિંઘ, NCPCR (નેશનલ કમિશન ફોર ચાઈલ્ડ રાઈટ્સ)ના ચેરપર્સન કહે છે કે બાળકને એનો પોતાનો જ કેસ જ જ્યાં કોર્ટમાં જાતે લડવાનો હક ન હોય ત્યાં તમે તેની સામે પુખ્ત ઉંમરના અપરાધીની જેમ કેવી રીતે કેસ ચલાવી શકો? કોઈ એકાદ ઘટનાના આધારે આપણે એમ ન કહી શકીએ કે ૧૬ થી ૧૮ની વચ્ચેના આયુવાળા બધાં જ બાળકો ઈન્ડિયન પીનલ કોડ નીચે હોવાં જોઈએ.

શિરિન વકીલ, 'Save the Children' ના ડાયરેક્ટરના મત પ્રમાણે જઘન્ય અપરાધ આચરનારા બાળક માટે પણ વયમર્યાદા ૧૮ ને બદલે ૧૬ કરવી તે પ્રત્યાઘાતી પગલું છે, સમસ્યાનો ઉકેલનથી.

તો, બીજી બાજુ –

જસ્ટિસ દીપક મિશ્રાની બેંચે કહ્યું હતું કે આવા વયસ્કતાની નજીક પહોંચેલા (૧૬થી ૧૮ વર્ષની ઉંમરના) અપરાધીને બળાત્કાર કે ખૂન જેવા ગુનામાં પરિણામોનો ખ્યાલ ન હોય તેવું માનવું મુશ્કેલ છે અને એટલે સુપ્રીમ કોર્ટે સૂચવ્યા મુજબ સરકારે હાલ પ્રવર્તમાન કાયદાને ફરીથી તપાસવો જોઈએ.

જસ્ટિસ જે. એન. ઢીંગરા, રીટાયર્ડ હાઈકોર્ટ જજ (દિલ્હી) કહે છે કે ૧૮ વર્ષની મર્યાદા નીચી કરવાની ચોક્કસ જરૂર છે, જેનું કારણ સ્પષ્ટ છે. આજની પેઢીને બહુ નાની ઉંમરે પોર્નોગ્રાફીથી માંડીને અપરાધની દુનિયાનો સંપર્ક થાય છે. શક્ય છે કે વયસ્ક રીઢો ગુનેગાર જઘન્ય ગુના માટે બાળકનો ઉપયોગ કરે જે સામાન્ય સજા પામી છૂટી જાય.

જસ્ટિસ કિર્તિ સિંઘ કહે છે કે ૧૮ વર્ષથી નીચેના અપરાધીને બાળઅપરાધી ગણતો કાયદો એક પ્રગતિવાદી કાયદો છે અને એની સાથે છેડછાડ કરવા કરતાં બાળસંરક્ષણ ગૃહમાં કાપવાની થતી ત્રણ વર્ષની સજામાં વધારો કરીને ૮ થી ૧૦ વર્ષની કરી શકાય.

ઈન્ટરનેટ ઉપર Debate.org નામની વેબસાઈટ પરની ચર્ચા : ''બાળ અપરાધીઓ માટે પણ પુખ્ત અપરાધી જેવી જ ન્યાયિક વ્યવસ્થા હોવી જોઈએ?'' ચાલી, જેમાં ૫૭% એ પોતાનો મત તરફેણમાં (હા) અને ૪૩%એ વિરૂધ્ધમાં (ના) આપ્યો.

હિન્દુસ્તાન ટાઈમ્સ (જાન્યુ. ૨૦૧૬)ના હેવાલ પ્રમાણે, ડીસે. ૨૦૧૫માં અમલમાં આવેલો નવો કાયદો ૧૬ થી ૧૮ વર્ષના અત્યંત જઘન્ય અપરાધના આરોપીને વયસ્ક અપરાધીની સમકક્ષ જ ગણે છે, અને એના માટેની ન્યાયિક વ્યવસ્થામાં, આવા અપરાધી માટે સાત વર્ષ કે તેથી વધુ સજાનું પ્રાવધાન પણ કરે છે. જો કે, એને માટે જુવેનાઈલ જસ્ટીસ બોર્ડ દ્વારા આવા અપરાધીની આવો અપરાધ કરવાની માનસિક અને શારીરિક ક્ષમતા અને તેનાં પરિણામ સમજવાની શક્તિ વિષે તપાસ જરૂરી રહેશે.

# વૈવિધ્ય

## ૧. એકાંતની મૈત્રી

### શાંતિલાલ ગઢિયા

વાચકને શીર્ષકના બે શબ્દોમાં આંતરવિરોધ જણાશે. મૈત્રી તો મૂર્ત પદાર્થ સાથે હોય. 'એકાંત' અમૂર્ત ભાવ છે. એની સાથે મૈત્રી કઈ રીતે સંભવે? ચોક્કસ સંભવે. વ્યક્તિના ચૈતસિક સ્તર પર એનો આધાર છે.

મોટો માણસ સમજી જેની સાથે આપણે મૈત્રી બાંધી હોય છે, એ જતે દહાડે તદ્દન અલ્પ પુરવાર થાય એવું બની શકે. એથી ઊલટું, જેને અલ્પ યા મામૂલી માન્યો હોય, એ વાસ્તવમાં અસાધારણ હોય એવું બની શકે છે. કોણ સામાન્ય છે, કોણ નિકૃષ્ટ છે, કોણ ઉત્કૃષ્ટ છે, એનું માપ કેવી રીતે કાઢવું? તેથી શ્રેયસ્કર એ છે કે આપણે આપણી સાથે જ મૈત્રી બાંધીએ. 'તું જ તારો દીવો થા' (आत्मदीपो भव) ની શીખ હૃદયસ્થ કરવા જેવી છે.

જાત સાથે ગોષ્ઠિ કરવાનું ઉત્તમ સાધન છે 'એકાંતની મૈત્રી'. આમ તો આ અઘરું છે, કારણ આપણે સમૂહ સમાજ (mass society) માં જીવીએ છીએ. જ્યાં જુઓ, ત્યાં ભીડભાડ, મેદની અને ટોળાં. રસ્તા પર, બજારમાં, જાહેર બગીચામાં, ઓફિસોમાં - સર્વત્ર લોકો ને લોકો જ. સવારથી ઊઠીને દિવસભર આપણે જે જે યંત્રવત્ પ્રવૃત્તિઓ કરીએ છીએ, તેમને તપાસીશું તો ખ્યાલ આવશે કે આપણે 'આપણે' હોતા જ નથી. જાણે કે કોઈકના દ્વારા ચાવી ચડાવેલ રમકડું માત્ર હોઈએ છીએ. 'કોઈક' એટલે કૌટુંબિક, સામાજિક અને બીજાં બાહ્ય પરિબળો. આવી સ્થિતિમાં વ્યક્તિનું 'વ્યક્તિપણું' લાચાર થઈ સૂનમૂન પડ્યું રહે છે. તેનાં ખબરઅંતર લેવા એકાંતની આવશ્યકતા હોય છે.

એક ભાઈનું એવું નિત્યકર્મ કે રાતે સૂતાં પહેલાં પોતાના અલાયદા ખંડમાં જઈ સંગીતના સૂર માણે. કુટુંબના સભ્યો ટીવીનું મનોરંજન માણતા હોય કે હસીમજાક કરતા હોય, ત્યારે આ ભાઈ મ્યુઝીક સિસ્ટમ પર શિવકુમાર શર્માનું સંતુરવાદન સાંભળતા હોય. એક અતિથિએ તેમને પૂછ્યું કે તેઓ કઈ રીતે બધાની વચ્ચેથી પોતાને એકાએક દૂર કરી દઈ શકે છે? શા માટે? પેલા ભાઈએ જવાબ આપ્યો, 'અનાયાસ આમ થઈ જાય છે. સંતુરનો પ્રત્યેક સૂર, શાંત એકાંત અને મારું મૌન - આ ત્રણે મળીને મારી ચેતનાના તાર ઝંકૃત કરે છે. મારા હોવાપણાની મને પ્રતીતિ થાય છે. આથી મારા વિચારો અને ભાવો સ્વચ્છ બને છે અને નવો દિવસ સરસ રીતે પસાર થાય છે.'



એકાંતથી થતો મોટામાં મોટો લાભ મનની શાંતિ છે. મિત્રો તો શોધવા જવા પડે અને ધારો કે મિત્ર મળે તો ય એનો ભરોસો નહિ. એકાંતનું સાંનિધ્ય આપણા હાથની વાત છે. અન્યની હાજરીમાં વાણી દ્વારા શબ્દોની આપ-લે થતી હોઈ વાદવિવાદને અવકાશ છે. અહીં તો બિલકુલ મૌનનું સામ્રાજ્ય હોય છે, તેથી પરમસુખ મળે છે. બીજાઓના સહવાસમાં આપણે દંભ આચરીએ છીએ. જાણે કે એક મહોરું ધારણ કરીએ છીએ, પણ એકાંતમાં આપણી ચિત્તભૂમિ નિર્મળ ને શુદ્ધ હોય છે. નથી હોતો અહંકાર, નથી હોતો આડંબર કે નથી હોતું કોઈ અંતરપટ.

એકાંત બહિર્ભૂત નહિ, અંતર્ભૂત હોવું જોઈએ. બહિર્ભૂત રીતે વ્યક્તિ એકાંતમાં હોય, પણ મનમાં સતત વિચારોના વંટોળ ઊમટતા હોય કે જુદી જુદી વ્યક્તિઓની છાયાઓ તરવરતી હોય, તો તેવા એકાંતનો કોઈ અર્થ નથી. એને 'એકલતા' કહી શકાય, 'એકાંત' નહિ. બીજી બાજુ, કેટલીક સ્થિરચિત્ત વ્યક્તિઓ અનેક લોકોની વચ્ચે હોવા છતાં મનોમય એકાંતની ભૂમિકા ઊભી કરી શકે છે.

એકાંતની મૈત્રી આંતરનિરીક્ષણનાં દ્વાર ખોલી આપે છે. વ્યક્તિને પોતાના ગુણદોષનું ભાન થાય છે. રોજબરોજના સંઘર્ષમય વ્યાવહારિક જીવનમાં જે પ્રશ્નોનું નિરાકરણ વ્યક્તિ બહાર શોધવાનો પ્રયત્ન કરે છે, તે હવે તેને ભીતરથી જ મળી જાય છે. અંતે ચિત્ત એવી નિર્વિકલ્પ સ્થિતિ ધારણ કરે છે કે જે વ્યક્તિને ઈશ્વરની નજીક લઈ જાય છે. હેન્રી ડેવિડ થોરો (૧૮૧૭-૧૮૬૨) કહે છે, 'I never found the companion that was so companionable as solitude.' (મને એકાંત જેવો બીજો કોઈ સાથી કદી મળ્યો નથી.)

(એ-૬, ગુરુકૃપા સોસાયટી, ઈન્દ્રપુરી પાછળ, હરણી રોડ, વડોદરા-૩૯૦૦૦૬.
ફોન : ૦૨૬૫-૨૪૮૧૬૮૦)

## ૨. 'ફિલસૂફીનું વિશ્વ' એક મંથન

### કનૈયાલાલ સી. શેઠ

શ્રી માવજીભાઈ સાવલાનું 'ફિલસૂફીનું વિશ્વ' પુસ્તક મળ્યું. એ નિમિત્તે થોડું મંથન. નહેરુજીના શબ્દોમાં માણસનું અસાંસ્કૃતિકપણામાંથી સાંસ્કૃતિક મનુષ્ય તરફ પ્રયાણ ઈતિહાસનો વિષયવસ્તુ છે. આ વિચાર પરિપ્રેક્ષ્યમાં તત્ત્વચિંતનની કેટલીક વૈશ્વિક ધારાઓનો અભ્યાસ કરીએ તો –

- સમગ્ર જગતને શાંતિ અને સુખ જોઈએ છે. સત્‌ની ઈચ્છા (અમરત્વ) ચિત્તની ઈચ્છા (સર્વજ્ઞતા) અને આનંદ કે ચિરસ્થાયી સુખની ઈચ્છા દરેક વ્યક્તિમાં ઊંડે ઊંડે ઠાંસોઠાંસ ભરેલી છે. જય સત્ ચિદાનંદ આત્મસાત્ કરવા થોડા યાત્રીઓ પણ છે. પરંતુ તેમની ટિકિટ અને ટ્રેન અલગ અલગ છે.

અહીં માનવી બધું ઈન્સ્ટન્ટ અને મફત મેળવવા માગે છે. અંતરાત્માનો આનંદ એમ સહેલાઈથી થોડો જ મળે?

દુનિયામાં બે જ વસ્તુઓ છે, સંયોગ અને વિયોગ. એમાંથી જ મોહ ઉત્પન્ન થાય છે અને મોહમાંથી જ રાગ અને દ્વેષ ઉત્પન્ન થાય છે. રાગથી ક્રોધ અને અભિમાનને જન્મ આપે છે, અને દ્વેષ માયા અને લોભને. રતિ, પુરૂષ-સ્ત્રીવેદથી ક્રોધ અને અભિમાન પોષાય છે, અને અરતિ, શોક, ભય, જુગુપ્સાથી માયા અને લોભ પોષાય છે.

- સ્ત્રી-પુરુષના સંબંધો જુઓ. પુરુષ કઠોરતા છોડતો નથી. સ્ત્રી કોમળતા છોડતી નથી. કઠોરતા કોમળતાથી રક્ષાય છે, પોષાય છે. કઠોરતાને કોમળતા ભેદે છે. પથ્થરમાંથી કોમળ અંકુર બીજને ફોડી બહાર આવે છે.
- માણસ જો દૃષ્ટિકોણ બદલે તો આકર્ષણ-અપાકર્ષણ, રાગ અને દ્વેષ, સ્વીકાર અને ઈન્કાર ફિલસૂફીના મંચ ઉપર શિસ્તબદ્ધ મૌનપણે એકઠા થઈ જાય.
- વ્યક્તિ કેટલી નબળી કે કુદરતની લીલા સ્વીકારી શકે નહિ, પોતાની ભૂલ સ્વીકારી શકે નહિ, કુદરત સામે ન્યાય તોલવા બેસે, પ્રતિકુળતા સાંખી શકે નહિ. સમાજમાં સમન્વય, સંવાદ જેવી ચીજ બચી નથી.

રાજકારણમાં હમણાં હમણાં અસહિષ્ણુતાનો મુદ્દો ચાલી રહેલ છે ભાઈ, સહિષ્ણુતા અસહિષ્ણુતાની વાત જ નથી. અમારા માટે તો જે કંઈ બને તે સહજ જ છે.

- કૃષ્ણજીએ સત્યને પંથરહિત ભૂમિ કહેલ છે. પસંદગી રહિત સભાનતાની વાત કરીને ગીતાના સ્થિતપ્રજ્ઞની યાદી આપી છે. મંત્ર, તંત્ર, જપ, તપ અને સંયમને નામે દબાણ અને કુંઠનના પ્રયોગોમાં રહેલી અપેક્ષા, આસક્તિ, યાંત્રિકતા, માંત્રિકતા અને તાંત્રિકતાને કૃષ્ણજીએ પડકારી. જીવનની ક્ષણેક્ષણ પ્રબુદ્ધજીવન પામવા માટે છે. સાંપ્રત ક્ષણ એ જ જીવનની ક્ષણ છે. સ્પર્ધા, હરિફાઈ, તુલના, સરખામણી સંઘર્ષ પેદા કરે છે. સદ્‌ગુણો કેળવવાની બાબત નથી, પુષ્પિત થવાની પ્રક્રિયા છે. સ્વજ્ઞાનની સાથે જ મન શાંત થવા મુક્ત હોય છે અને ત્યારપછીથી જ માત્ર મનની પેલી પાર જવાનું અસ્તિત્વમાં આવતું હોય છે એમ કૃષ્ણજી કહે છે.
- શ્રીમદ્ રાજચંદ્ર જ્ઞાનનું-શાસ્ત્રોનું વિસર્જન કરવા કહે છે, તો વર્સફોલ્ડ નામે કલા વિવેચક લખે છે કે કલાને ગોપવવામાં જ કલા રહેલી છે. એક જ વાક્યમાં કહી શક્યા હોત ફિલસૂફો, કદાચ કે, 'મન ચંગા તો કથરોટમેં ગંગા.'

સુખ શાંતિના સરનામાની શોધ એ જ ફિલસૂફીનો વિષય છે.

**(સંપર્ક : ૪-બી, મેરી ગોલ્ડ રેસીડન્સી, મહિલા કોલેજ ચોક, રાજકોટ-૧. ફોન : ૦૨૮૧-૨૪૭૪૪૯૦)**



# ૩. ઈચ્છાપ્રદેશને પેલે પાર

**નીતા આર. દવે**

મન એવું છે, જે કંઈ માગે નહિ – આપણે જ્યારે પણ ઈશ્વરને પ્રાર્થીએ છીએ ત્યારે પૂજાની સામગ્રીરૂપે અન્ય વસ્તુઓની સાથે ઈચ્છાઓથી છલોછલ ભરેલ ટોપલી સાથે રાખીએ છીએ. સાચી રીતે વિચારીએ તો ભક્તિનું નામમાત્ર છે, ઈશ્વર પાસે આપણે જઈએ છીએ, તૃષ્ણાઓની તૃપ્તિ માટે.

દરેક માણસનું જીવનમાં કંઈ ને કંઈ સપનું હોય છે જેની પૂર્તિ માટે તે અથાક મહેનત કરે છે અને ક્યારેક એવા પુરુષાર્થના અંતે તે સ્વપ્નની પૂર્તિ પણ થાય છે. હવે જો સ્વપ્નપૂર્તિ શક્ય બને તો નવી ઈચ્છા, નવું સ્વપ્ન આળસ મરડીને ઊભું થાય છે અને જો સ્વપ્નપૂર્તિ ન થાય તો એ ઈચ્છાને નિષ્ફળતાની ચાદર ઓઢાડી દઈ હૃદયમાં દફન કરી દેવામાં આવે છે. આ નિયમ કાળક્રમથી ચાલ્યો આવે છે. દરરોજ સવારે ઉઠતાની સાથે કામનું લીસ્ટ તૈયાર કરવામાં આવે છે. દિવસ આખો તેને પહોંચી વળવા અથાગ મહેનત કરવામાં આવે છે અને દિવસને અંતે ક્યારેક પૂર્ણિમાનો ચાંદ તો ક્યારેક અમાસની રાત.

ક્યારેક વિચારીએ તો આખા દિવસમાં કેટલી ઈચ્છાઓને આપણે જન્મ આપીએ છીએ, એ ઈચ્છાઓની ચઢતી પડતી સાથે સુખ-દુઃખ ભોગવીએ છીએ. અને પછી આપણા જ હાથે તેનું મારણ પણ કરીએ છીએ. ઊંડાણથી વિચારીએ તો દરેક માણસની અંદર પોતાનું કબ્રસ્તાન છે. જ્યાં સદીઓથી સેંકડો ઈચ્છાઓ દફન થયેલી પડેલી છે.

આપણા કાનૂનમાં ઈચ્છા-મૃત્યુની છૂટ કટોકટીના સમયે જ આપવામાં આવે છે, પરંતુ ઈચ્છાનું મૃત્યુ તો દિવસ આખામાં કેટલીયે વાર આપણે સહજતાથી સ્વીકારી લઈએ છીએ! ક્યારેક રીત-રિવાજોના નામે, ક્યારેક માન-મર્યાદાના નામે, તો ક્યારેક પ્રતિષ્ઠાના નામે – બસ કારણો બદલાતાં રહે છે અને ઈચ્છાઓનું મારણ થતું રહે છે. અને ખૂબીની વાત તો એ છે કે આપણે આ કાળચક્રથી પરિચિત સુદ્ધાં નથી.

આપણામાંથી કેટલાક લોકોને એકાંત બહુ પ્રિય હોય છે. એકાંતે તેઓ પોતાની જાત સાથે, સંવાદથી કેળવી શકે છે. 'સ્વ'ને મળી શકે છે, તેને નિજાનંદી કહેવાય છે. આવા લોકોની ખાસિયત શું હોય છે? ખબર છે? આવા લોકો સ્વપ્નાંને સળગાવતા નથી પણ સુવાસિત સુમન સ્વરૂપે પોતાના એકાંતને સજાવે છે – પણ જે લોકો આવું નથી કરી શકતા તેઓનું એકાંત બિહામણું બની જાય છે. એકાંતથી ડર લાગે છે. શા માટે? કારણ કે એકાંતે પેલી દફન કરેલી ઈચ્છાઓની ભૂતાવળ વળગે છે અને પછી શરૂ થાય છે 'જો' અને 'તો' નો સંવાદ – જેનો કોઈ અંત નથી, કે અર્થ નથી – સુખ અને દુઃખનું કારણ પણ ઈચ્છા અને મારણ એટલે પણ ઈચ્છા.

કેટલીક ઈચ્છાઓ જીવનપર્યંત તૃપ્તિને તરસતી રહે છે, માનવી તેને તૃપ્ત નથી કરી શકતો અને માટે જ મૃતાત્મા પાછળ તર્પણની વિધી કરાય છે. જો આપણે જીવતા જીવનમાં જ આપણી જાતે ઈચ્છાઓનું તર્પણ કરી દઈએ તો આપણા વંશજોએ શ્રાદ્ધ કાર્ય ન કરવું પડે.

ઈચ્છા એ જ કર્મની જન્મદાતા છે. દુરાચાર હોય કે સદાચાર આ બંનેનો આધાર મનુષ્યની ઈચ્છા ઉપર જ રહેલો છે. ઈચ્છાશક્તિ એ મનુષ્યને ઈશ્વર દ્વારા આપવામાં આવેલી બહુ મૂલ્યવાન ભેટ છે. ઈચ્છાશક્તિના ક્રમશઃ અભ્યાસના પરિણામ સ્વરૂપ માનવી ધારે તે પરિસ્થિતિ, અને પરિણામ લાવવા સક્ષમ છે. જેવી રીતે ભગવાન બુદ્ધની, ઈશ્વર પ્રાપ્તિની ઈચ્છાના કારણે તેઓ પરમતત્ત્વને પામી ગયા, તેવી જ રીતે રાવણની સર્વાધિપતિ બનવાની ઈચ્છાના કારણે તેનો રાષ્ટ્ર સહિત સર્વનાશ થયો. બંને ઘટનાનાં મૂળ ક્યાં છે? તો ''ઈચ્છાની પૂર્તિ''.

જેને સ-દેહે નિહાળી નથી શકાતી, તેમ છતાં દરેક મનુષ્યમાં પ્રાણશક્તિનું સિંચન કરતી શક્તિ એટલે - ઈચ્છા, જીજીવિશા. જીવન જીવવાની ઈચ્છા. જીવન ભલે ગમે તેટલું દુઃખભર્યું હોય, વિપરીત પરિસ્થિતિથી ઘેરાયેલું હોય, તેમ છતાં આનંદિત થઈને કોઈ મૃત્યુને સ્વીકારતું નથી. મૃત્યુ એ કદાચ આ જન્મ માટે ઈચ્છાઓનું મારણ હોઈ શકે. પરંતુ પછી..! મૃત્યુ પછી - પછી ફરી પાછી એ જ ઘટમાળ. ''પૂનરપિ જનનં, પૂનરપિ મરણં, પૂનરપિ જનની જઠરે શયનં ...'' ફરી પાછી એ જ અતૃપ્ત ઈચ્છાઓની યાત્રા શરૂ થાય, ફરી પાછા સુખ-દુઃખના બંધનો, સંબંધો, લાગણી, મોહ, લાલસાના ચક્રો ગતિમાન થાય અને ફરી માનવીનો કર્મયોગ સક્રિય થાય, કે ચોર્યાસી લાખ ફેરા સુધી અતૃપ્ત ઝંખનાની યાત્રા ... અનંત યાત્રા.

પણ ... ઈચ્છાઓ, તૃષ્ણાઓ, લાલસાને મારી નાંખી દફનાવી નથી દેવાના, કે તેનાથી ડરી જઈને જાતથી દૂર ભાગી જવાનું પણ નથી, આ બંધનના તાણાવાણાને ધીમે-ધીમે છૂટા પાડવાના છે.

સર્વથી લઈને 'સ્વ' સુધી જગતથી લઈને 'જાત' સુધી. સહજ મુક્તિ, સહજ તાણ, સહજ સમર્પણ, નદીના પ્રવાહ જેવું સહજ, જ્યાં દુઃખ-સુખ, માન-હાનિ, કશું જ ન સ્પર્શે, પાણીમાં રહેલા તેલના ટીપા જેટલું સહજ જે પાણીની વચ્ચે રહીને પણ નિર્લેપ રહી શકે. માત્ર - શિવ અને જીવનું જોડાણ. અંતરમનનું જોડાણ, કોઈ જ મહેચ્છા વગરનું જોડાણ. મોક્ષની પણ ઈચ્છા નહિ. મોક્ષ એ કોઈ પ્રદર્શન નથી કે નથી સ્વર્ગનું દ્વાર. મોક્ષ એ અંતર આત્માનું ચઢાણ છે, જ્યાં સુધી પહોંચવા ઈચ્છાપ્રદેશને પેલે પાર જવું પડે. ચિર આનંદની પ્રાપ્તિ એટલે મોક્ષ. કોણ કહે છે, મોક્ષ માટે મરવું પડે છે! જીવતા જીવનમાં જે જીવ નિજાનંદને પામી શકે છે એ મોક્ષનો અધિકારી છે. ચાલો, સફર ખેડીએ .... મોક્ષની પ્રાપ્તિની, ઈચ્છા પ્રદેશને પેલે પાર ઉતરવાની.

''દશે દિશાઓમાંથી શુભત્વ પ્રાપ્ત થાઓ.''

(બ્લોક નં. ૩૬, ''શુભમ્'', ગાયત્રી સોસાયટી, મસ્તરામ ચેમ્બરવાળી ગલી, મધુરમ, ટીંબાવાડી, જુનાગઢ-૧. મો. ૮૪૦૧૦૪૯૬૬૮



# ૪. વૈજ્ઞાનિક અભિગમ

ગોવિંદ શાહ

પ્રજા તરીકે આપણે એક ઢોંગી પ્રજા છીએ. હજારો વર્ષોથી ચાલી આવતી કેટલીક માન્યતાઓ રૂઢીઓને આપણે આંધળી રીતે અનુસરીએ છીએ. વિજ્ઞાન અને ટેકનોલોજીના આટલા વિકાસ પછી પણ ઘણા શિક્ષિતો ભૂત પ્રેત, દોરા, ધાગા, ભુવા વગેરેમાં માનતા હોય છે. જેની પાછળ કોઈ તર્ક કે વૈજ્ઞાનિક અભિગમ નથી દેખાતો.

મારી અલ્પ સમજ પ્રમાણે લગભગ પાંચ હજાર વર્ષો પૂર્વે આર્યો સૂર્ય, અગ્નિ અને પ્રકૃતિની પૂજા કરતા. એકેશ્વરવાદમાં માનતા. પછી કેટલાક જિજ્ઞાસુ આર્ષ દ્રષ્ટાઓએ સૃષ્ટિના રહસ્યો સમજવા ખૂબ આત્મચિંતન શરૂ કરેલ. કોઈ પરમતત્ત્વ કે પરમચેતના આ સકળ સૃષ્ટિનું સંચાલન કરે છે તેવી અનુભૂતિ તેમને થયેલ. ઘણાં ગુરુકુળોમાં ખગોળશાસ્ત્ર, વિજ્ઞાન, આયુર્વેદ, યોગવિદ્યા, જ્યોતિષ વગેરેનો અભ્યાસ થતો. પ્રજાની સુખાકારીને સમૃદ્ધિમાં વધારો થયો. સમયાનુસાર પછી ભાષા, આચારો વગેરેમાં પરિવર્તન આવતા ગયાં. શરૂઆતમાં યજ્ઞયાગાદિ અને પછી ક્રિયાકાંડ વગેરે આવતાં ગયા. રૂઢિ, માન્યતાઓ બદલાવા લાગી. મહાવીર અને બુદ્ધનો ઉદય થયો. વર્ષો પછી શંકરાચાર્યે વૈરાગ્ય અને જગતમિથ્યાની વાતો કરી અને નવી નવી વિચારધારાઓ (school of thoughts) ઉભી થઈ. અકર્મણ્યવાદ વધ્યો એટલે પ્રજાનો એક મોટો વર્ગ નિષ્ક્રીય બન્યો. વિદેશી આક્રમણ શરૂ થતાં વિકાસ રૂંધાયો અને દેશની પડતી શરૂ થઈ. યુધ્ધોથી બેહાલી વધી. ગરીબી, અન્ય દૂષણો પણ વધ્યાં.

પછી એક વિષચક્ર ઊભું થયું. ગરીબ પ્રજા વધુ અંધશ્રધ્ધાળુ બની ગઈ અને ચમત્કારોમાં માનતી થઈ ગઈ. વિજ્ઞાન અને તર્ક બાજુ પર રહી ગયા અને અનેક જાતના વહેમોમાં પ્રજા રાચતી થઈ ગઈ.

દરેક યુગમાં કોઈ શક્તિશાળી, પરાક્રમી અને પ્રભાવશાળી પુરુષ પેદા થતા એટલે આપણી હીરો પૂજક પ્રજા પાછળથી અનેક દંતકથાઓ લીલાઓ ઉમેરી તેમને દેવતા, ભગવાન કે અવતાર બનાવી દેતી હતી. શાસ્ત્રોને પુરાણોમાં પ્રજા કંઈ સમજતી નહીં. અનેક દેવદેવતા, દેવીઓ અને સંપ્રદાયોનો રાફડો ફાટી નીકળ્યો. પુરાણો રચનારાઓએ કે કથાકારોએ શ્રોતાઓને મંત્રમુગ્ધ કરવા જાતજાતની વાતો, કલ્પનાઓના નીત નવા રંગો ઉર્મેયા જે પ્રથમ દૃષ્ટિએ પણ તાર્કિક ન લાગે. પરિણામે વિદેશોમાં પણ આપણે હાંસીપાત્ર બનવા લાગ્યા.

ભગવાન બુદ્ધ તેમના શિષ્યોને કહેતા - હું કહું છું એટલે જ સાચું માનતા નહીં. શંકરાચાર્ય પણ કહેતા - શાસ્ત્રો કહેતા હોય કે અગ્નિ શીતલ છે તો પણ માનતા નહીં. અનેક વિદ્વાનો પણ કહેતા, ફક્ત શાસ્ત્રો પર જ બધી બાબતોનો આધાર ન રખાય. પણ આપણે

વૈજ્ઞાનિક તર્ક કે સમજ ભૂલીને ફક્ત ભૂતકાળની યશોગાથા અને દુહાઈ ગાતા રહ્યા. આપણી સોચ અને સમજ ખામી ભરેલી બની ગઈ. આપણી ધાર્મિકતા વધતી ગઈ. મંદિરો અને કથાઓમાં લાખ્ખો લોકો ઉમટી પડે છે પણ પાયાનાં નૈતિક મૂલ્યો વિસરાવા માંડ્યાં.

વિજ્ઞાન કે ટેકનોલોજીના ક્ષેત્રે ખૂબ પછાત રહ્યા. કરોડોની વસ્તી ધરાવતો આપણો દેશ અત્યાર સુધી કેટલા નોબેલ પુરસ્કાર મેળવી શક્યો? જ્યારે યહુદી પ્રજા મુઠ્ઠીભર હોવા છતાં અત્યાર સુધી વધુમાં વધુ નોબેલ પુરસ્કાર મેળવી ચૂકી છે. આ શું બતાવે છે? ફક્ત ભવ્ય ભૂતકાળને વાગોળવાનો કોઈ અર્થ નથી. આધુનિક બધી જ શોધો પશ્ચિમમાંથી આવી છે. આપણું તેમાં કોઈ યોગદાન નથી. જાપાન, કોરીયા, તાઈવાન કે ઈઝરાયેલ જેવા નાના દેશોએ વિજ્ઞાન અને ટેકનોલોજીમાં હરણફાળ ભરી છે.

આમ છતાં, વિજ્ઞાન અને ટેકનોલોજીને તેની મર્યાદા પણ છે. દરેક પ્રશ્નો કે રહસ્યોનો તેની પાસે ઉકેલ નથી. એકલું વિજ્ઞાન સ્વકેન્દ્રી ને સંહારક બની જશે. ટેકનોલોજી બાબરા ભૂત જેવી છે જે દિવસે તેની ચોટલી આપણા હાથમાંથી છટકી તો આ સૃષ્ટિનો અનેકવાર નાશ કરી શકશે. કુદરતી સંસાધનોનો આડેધડ ઉપયોગ અને અતિશય ભોગવાદનાં બુરાં પરિણામ આવશે. આધુનિક ટેકનોલોજીનો વિવેકપૂર્વક ઉપયોગ થવો જોઈએ, નહીં તો વિનાશ પણ નક્કી છે.

આઈનસ્ટાઈન જેવા પ્રખર વૈજ્ઞાનિક પણ કહેતા, જ્યાં વિજ્ઞાનનો અંત આવે ત્યાંથી શ્રદ્ધા અને અધ્યાત્મની શરૂઆત થાય છે. શ્રદ્ધા અને અંધશ્રદ્ધા વચ્ચેનો ભેદ ઘણીવાર અત્યંત સૂક્ષ્મ હોય છે. એકને મન જે શ્રદ્ધા હોય તે બીજાને માટે અંધશ્રદ્ધા હોઈ શકે એટલે વિવેકનો ઉપયોગ કરવો જોઈએ.

એવું કહી શકાય કે વૈજ્ઞાનિક દૃષ્ટિ કે તર્ક અને અધ્યાત્મનો સુગમ સમન્વય થાય તો વ્યક્તિ, સમાજ અને દેશો વચ્ચેની ઘણી સમસ્યાઓનું સમાધાન આવી શકે અને એક તનાવમુક્ત સમાજ બની શકે.

(૧૧, બજરંગ સોસાયટી, પ્રોફેસર કોલોની પાછળ, વલ્લભ વિદ્યાનગર-૩૮૮૧૨૦.
ફોન : ૦૨૬૯૨-૨૩૧૧૫૭)

ગયે મહિને તમને મળ્યું : **આયુર્વેદના પાયા, લે. બાલકૃષ્ણ વૈદ્ય**

**કિંમત** રૂા. ૩૦.૦૦

આવતે મહિને તમને મળશે : **ચક્રધાર,** અભિજીત વ્યાસ

**ખાસ નોંધ**

કોઈ પણ પુસ્તિકાની વધારાની નકલ મંગાવતા પહેલાં કિંમત માટે કાર્યાલયનો સંપર્ક કરવો.





# પોકળતા

**દર્શના વ્યાસ**

છેલ્લાં ૩૦ વર્ષથી મારું મોટાભાગનું કામ અલગ અલગ દેશોમાં હોઈ, મને તે બધે ફરવાનો મોકો મળ્યો. અવારનવાર વિવિધ લોકોને પણ મળવાનું થયું અને મોટાભાગની સફરોમાં સહયાત્રીઓ પણ મળતા. વાતોનું આદાનપ્રદાન થતું, અંગત માહિતીથી માંડીને પ્રોફેશનલ કાર્યની પણ વાતો આ દરમિયાન વારંવાર થતી હતી. પણ છેલ્લા છ વર્ષનાં કામના આવા અનુભવો સહયાત્રી સાથે જ્યારે પણ શેર કરતી ત્યારે મને પોતાને એક જાતનો આત્મીય સંતોષ થતો હતો અને ભગવાનનો આભાર માનતી કે આ કામ કરવાનો મોકો મળ્યો. પણ હું જ્યારે મોટા ભાગે આ બાબતો સામાન્ય માણસો અથવા સહયાત્રીઓ સાથે શેર કરતી તો ખૂબ જ અવનવા ભાવો મળતા. મોટા ભાગનાં ખાસ કરીને જે સૂફીયાણી વાતો કરતા હોય તેઓના ચહેરા પર કાં તો આશ્ચર્ય, અણગમો અને એક અજાણી મૂંઝવણ જોવા મળતી.

કામના સિલસિલામાં મારે કોલ્હાપુર જવાનું થયું. મુંબઈથી પ્લેનમાં બેઠી પછી થોડી જ વારમાં સહયાત્રી ભાઈએ સામાન્ય રીતે વાતો કરવાનું શરૂ કર્યું. વાતોમાં તેઓએ જણાવ્યું કે તેઓ એક બિઝનેસમેન છે અને કોલ્હાપુર વારંવાર જવાનું થાય છે. કપડાં પરથી કોઈ મોટા હોદ્દેદાર હોય તેવું લાગ્યું. હાથમાં સોનાનું કડું, મોંઘી ચશ્માની ફ્રેમ અને ઘડીયાળ. ફાંકડાં અંગ્રેજીમાં વાતો કરે. તેમના કહેવા પ્રમાણે મોટી કંપનીમાં સી.ઈ.ઓ. હતા. તેમનાં કામોની વાત થયા બાદ તેમણે મારા કામ અંગે પૃચ્છા કરી.

જ્યારે મેં કામ વિષે વાત કરી કે મહારાષ્ટ્રમાં અને મધ્યપ્રદેશમાં અમે ગણિકાઓ, બારગર્લ્સ, સમલૈંગિકો અને કિન્નરો સાથે રહીને એચ.આઈ.વી. પ્રોબ્લેમ્સનું કામ કરીએ છીએ, તો પહેલાં તો તેમના ચહેરા પર આશ્ચર્ય અને પછી એક અણગમો જોવા મળ્યો.

બોલ્યા કે, આ બધા માટે આંતરરાષ્ટ્રીય સંસ્થાઓ શા માટે પૈસા બગાડે છે? આજ પૈસા તેને રોકવા માટે વાપરવા જોઈએ. આવા સમાજના લોકો આપણા ભારતીય સમાજ માટે કલંક છે. પછી અચાનક જ તેમના ચહેરાના હાવભાવ અને વર્તન બદલાઈ ગયાં. અચાનક જ તેઓ સાથે લાવેલું છાપું વાંચવા લાગ્યા, મને જાણે ઓળખતા જ નથી!

આવું વર્તન મને સ્વાભાવિક લાગ્યું કારણ કે જ્યારે પણ હું મારા કામ વિષે મારી મુસાફરી દરમિયાન વાતો કરું ત્યારે આવા પ્રત્યાઘાતો ઘણી વખત આવે છે.

હવાઈજહાજ કોલ્હાપુર ઊતર્યું. બાજુવાળા ભાઈ જાણે રાહ જ જોતા હોય તેમ એકદમ ઊભા થઈ અને ગેઈટ આગળ જવા માટે ચાલવા લાગ્યા, જાણે હું કોઈ અછુત હોઉં અથવા ઓળખતા ન હોય!

એરપોર્ટ નાનું હોવાથી બધાએ સામાન માટે રાહ જોવી પડી. તેઓ મારાથી ખૂબ જ દૂર ઊભા રહ્યા. મારો સામાન પહેલાં આવી જવાથી હું બહાર નીકળી અને મારી ગાડી માટે પ્રતીક્ષા કરતી હતી ત્યાં તેઓ બહાર આવ્યા અને આતુરતાથી પોતાની કાર માટે રાહ જોઈ ઘડીયાળમાં વારંવાર જોયા કરતા હતા.

તેમની ગાડી આવી. પાછળની સીટ પર એક મહિલા બેઠી હતી. તે મને જોતાં જ ગાડીમાંથી ઊતરીને પગે પડી. પેલા ભાઈને ખૂબ જ નવાઈ તો લાગી પણ એક જાતની ભોંઠપ અને ક્ષોભ જોવા મળ્યો.

જોતાં લાગ્યું કે તેમની હાલત ખૂબ જ ખરાબ હતી. ભાવના જે એક સેક્સ વર્કર હતી, તે પગે લાગ્યા પછી કહે, 'ए माझा मालिक आहे'. મહારાષ્ટ્રમાં સેક્સ વર્કર પોતાના રેગ્યુલર ક્લાયન્ટ અને કાયમી સંબંધ રાખવાવાળાને માલિક કહે છે. સાથે સાથે એ પણ કહ્યું કે કાલની સેક્સ વર્કર્સની મિટીંગમાં નહીં આવે કારણ કે તેને બે દિવસ માટે પન્હાળા, (જે મહારાષ્ટ્રનું નાનું હીલ સ્ટેશન છે.) તેમના સાથે જવાનું છે કારણ કે તેને મોટી રકમ મળી છે! પેલા ભાઈને જોતાં જ લાગ્યું કે તેમની પરિસ્થિતિ કાપો તો લોહી ન નીકળે તેવી હતી. પછી તરત જ તેઓ ગાડીમાં બેસીને ભાવના સાથે જતા રહ્યા.

તેમના ગયા પછી હું કલાકો સુધી વિચારતી હતી કે આ તે કેવી પોકળતા!

(એ-૪૧, પ્રિયદર્શીની એપાર્ટમેન્ટ-૨, જજીસ બંગલો રોડ, બોડકદેવ, અમદાવાદ-૧૫)

---

(પાના નં. ૪૦નું અનુસંધાન)

કીલ' વિષે પણ તમે એક લેખ કર્યો હતો, તે મને યાદ છે. જો કે, હું 'વિચારવલોણું'ના સતત સંપર્કમાં રહી શક્યો નથી, એ સ્વીકારું છું. પણ, સુંદર કામ ચાલુ રાખશો. (સુબોધ શાહ, યુ.એસ.એ.)

- ડીસે. ૨૦૧૫માં મળેલ પુસ્તિકા 'મિ. ગોડ, ધીસ ઈઝ આન્ના' છેક હમણાં વાંચવા હાથમાં લીધી. વાંચીને થયું કે, આ તો ખરેખર 'આપણું વિચારવલોણું' તરફથી વાચકોને મળેલી નવા વર્ષની ભેટ છે. ૫૦ કરતાં પણ ઓછાં પૃષ્ઠોમાં જીવન અને મૃત્યુ વિષેની અદ્ભુત સમજણ નાનકડી આન્ના રમતાં રમતાં આપી દે છે. પાંચેક વર્ષની બાલિકા રોજિંદા જીવનમાં પાત્રોને, ઘટનાઓને કેવી રીતે મિ. ગોડ સાથે જોડી શકે છે એ વાત ચકિત કરી ગઈ. અનુવાદ આપવા બદલ બેન અમી કંદર્પ પંડ્યાને ખૂબ ખૂબ ધન્યવાદ. આ જ શ્રેણીનાં બીજાં બે પુસ્તકો 'આન્નાઝ બુક' અને 'આન્ના એન્ડ ધ બ્લેક નાઈટ' વાંચવાની ખૂબ ઈચ્છા થઈ ગઈ. કયાંથી મળી શકે? 'ગાગરમાં સાગર' સમાવવાની જાણે 'આપણું વિચારવલોણું'ની પ્રણાલિકા હોય એવું લાગે છે. આ અગાઉ દર્શા કિકાણી દ્વારા અનુવાદિત 'અલબેલી' અને સોનલ પરીખ દ્વારા અનુવાદિત 'ભીતરનું સામર્થ્ય' પણ ખૂબ ગમી હતી. આટલું ઉત્તમ ભાથું આપવા બદલ આભાર. (આશા વીરેન્દ્ર)
- બુક અદ્વિતીય છે. શરીર, ઈન્દ્રિયો, મને અને આત્માનો સંયોગ એટલે જ આયુર્વેદ એમ કહીને અદ્ભુત રીતે આયુર્વેદની સમજૂતી આપી છે. પટેલના વંદન.





## 'ધ સાશિયા સ્ટોરી' : એક વિરાટ સ્વપ્ન

### સોનલ પરીખ

'દિલ્હીમાં એક બપોરે નિરાશ્રિતોની છાવણી બહાર લોકોની કતાર લાગેલી હતી. અચાનક ટોળું ધસી આવ્યું. ચાકુના વાર, ચીસો અને કંઈ સમજાય તે પહેલાં રસ્તો ખાલી. લાશોના ઢગલા વચ્ચે ત્રણેક વર્ષનું બાળક રડે. તેના ગળા પર ચાકુનો લાંબો ઘા. હું તેને લઈ હોસ્પિટલમાં દોડ્યો. ત્યાં પણ કતાર હતી. વારો આવતાં ડૉકટરે પૂછ્યું, ''બાળક હિંદુનું છે કે મુસ્લિમનું?'' મને ત્રાસ થઈ ગયો. તર્ક, વિવેક, સંવેદના બધાનો શું અંત આવી ગયો હતો? મારા આદર્શોની દુનિયા શું આટલી અસલામત હતી? મને કશું સૂઝ્યું નહી. મારું કામ હતું ફોટોગ્રાફ લેવા, તેનાં પ્રદર્શન કરી ફાળો ઊભો કરવો અને નિરાશ્રિતોને આપી દેવો.'

આ ફોટોગ્રાફરનું ૧૯૪૭ના અંતમાં દિલ્હીમાં શાંતિ અને હુલ્લડોનો વિરોધાભાસ દર્શાવતી તસ્વીરોનું આવું એક પ્રદર્શન થયું. તાજી બનેલી કેન્દ્ર સરકારના પ્રધાનોમાંનાં એક, રાજકુમારી અમૃતકૌરે તેનું ઉદ્ઘાટન કર્યું. વડાપ્રધાન પંડિત જવાહરલાલ નહેરુને તેમાંનો એક ફોટોગ્રાફ ખૂબ ગમી ગયો જેમાં ભાગલા પહેલાના પંજાબના પ્રીતનગર ગામમાં દિવસના અંતે ઘર તરફ જતા હિંદુ-મુસ્લિમ-શીખ ત્રણ મિત્રો દેખાડાયા હતા. નીચે લખેલું, 'આપણો દેશ ખુબ સુંદર છે, કોમી ઉગ્રવાદીઓ દ્વારા તેનો સર્વનાશ ન થવા દેશો.'

તેના પિતા તેના આવા ઉધામાથી કંટાળીને કહેતા — 'સરખો કામે લાગ, નહીં તો પોતાનો બંદોબસ્ત કરી લે.' પણ તેનામાં રહેલા કલાકારને પંડિત નહેરુએ પિછાણ્યો અને વિદેશ જવા માટે સ્કોલરશીપ અપાવી. તેના ફોટોગ્રાફ્સનું પહેલું પ્રદર્શન ૧૯૫૩માં વેનિસમાં થયું. સ્ટોકહોમના મ્યુઝિયમ માટે તેમાંની ઘણી તસવીરો ખરીદવામાં આવી. રોમ અને અજંતા ગુફાઓ પર તેણે એવોર્ડવિનીંગ ડોક્યુમેન્ટરી બનાવી.

આ ફોટોગ્રાફર પછીથી એક આંતરરાષ્ટ્રીય વ્યક્તિત્વ બન્યો. તેનું નામ મદનજિતસિંહ. ૧૯૨૪માં લાહોરમાં જન્મ, યુવાનીનાં વર્ષોમાં સ્વાતંત્ર્યસંગ્રામ - જેલવાસ - કોમી હિંસા - ભાગલાના તાંડવમાંથી પસાર થયા, સ્વાતંત્ર્યસેનાની જાહેર થયા. ૨૦૦૬માં પદ્મશ્રી એવોર્ડ નકાર્યો - એમ કહીને કે ફ્રિડમ ફાઈટર તરીકેના તામ્રપત્રથી મોટું કંઈ હોઈ શકે નહીં. જિંદગીમાં ઘણા અનુભવો લીધા, મોટા હોદ્દાઓ સંભાળ્યા. ત્રીસ વર્ષ ઈન્ડિયન ફોરેન સર્વિસ સાથે સંકળાયેલા રહ્યા અને ઈટાલી, યુગોસ્લોવિયા, ગ્રીસ, લાઓસ, સ્વીડન, ડેન્માર્ક, સ્પેન, યુએસએસઆર અને દક્ષિણ વિયેટનામમાં સેવાઓ આપી. તેઓ કોલમ્બિયા, રવાન્ડા, બુરુન્ડી અને ફિન્લૅન્ડમાં એલચી પણ હતા. છેલ્લે યુનેસ્કોના ગુડવિલ એમ્બેસેડર હતા. જીવનભર

તેમનું એક જ ધ્યેય રહ્યું, બહેતર અને એકજુટ દક્ષિણ એશિયા. દક્ષિણ એશિયાના દેશોના સંગઠન માટે મદનજિતસિંહ સતત અને જિદ્દપૂર્વક પ્રતિબદ્ધ રહ્યા.

દક્ષિણ એશિયાના રાષ્ટ્રોનો ભૌગોલિક-સાંસ્કૃતિક વારસો અને રાજકીય-આર્થિક સમસ્યાઓ એકસમાન છે. વિશ્વની ૨૪ ટકા ને એશિયાની ૪૦ ટકા વસ્તી અહીં છે. જો કોઈ સર્વસામાન્ય ચલણ આ દેશોમાં હોય તો પરસ્પર સહકારથી વિકાસ કરવાના અનેક રસ્તા ખૂલે, પચાસ વર્ષની લાંબી પ્રક્રિયા પછી સર્વમાન્ય ચલણ તરીકે યુરો આવતાં યુરોપના ડઝનેક રાષ્ટ્રોએ મુક્ત વેપારવણજ, આર્થિક વિકાસ અને નવા લોકશાહી માળખાનો લાભ મેળવ્યો. આવું દક્ષિણ એશિયામાં પણ કેમ ન થઈ શકે? અને તો દક્ષિણ એશિયા વિશ્વની મહાસત્તા તરીકે કેમ ન ઊભરી આવે? અત્યારે અફઘાની, નેપાળી, ભારતીય, શ્રીલંકન અને પાકિસ્તાની રૂપિયા જુદા જુદા. બાંગ્લાદેશના ટાકા અને માલદીવ્ઝમાં રૂફિયા ચાલે છે. મદનજિતસિંહે સાશિયા (SASIA = South Asia) નામના ચલણની કલ્પના આપી જે દક્ષિણ એશિયાના તમામ દેશોમાં ચાલે.

૨૦૦૫માં યુનેસ્કો દ્વારા તેમનું પુસ્તક 'ધ સાશિયા સ્ટોરી' પ્રકાશિત થયું. આ પુસ્તકના કવરપેજ પર મદનજિતસિંહે એ જ ફોટોગ્રાફ મૂક્યો હતો જે પંડિત નહેરુને ખૂબ ગમ્યો હતો. થોડા જ વખતમાં આ પુસ્તક અઠ્ઠાવીસ ભાષામાં પ્રગટ થયું અને એ દરેક આવૃત્તિમાં મુખપૃષ્ઠ પર એ જ તસવીર મુકાઈ. તેની ગુજરાતી આવૃત્તિ જાણીતા પ્રકાશક એન.એમ. ઠક્કરની કંપનીએ બહાર પાડી છે, જેનું નામ છે 'સાશિયાની કથા'. દક્ષિણ એશિયાના યુવાનોને અર્પણ થયેલા આ પુસ્તકમાં અઢળક તસવીરો સાથે એક યુવાનની વિશ્વવ્યાપી પ્રવૃત્તિઓ અને ઉત્સાહની હૃદયસ્પર્શી કહાણી આલેખાઈ છે.

મદનજિતે સ્થાપેલું સાઉથ એશિયા ફાઉન્ડેશન દક્ષિણ એશિયાની વંચિત અને પીડિત પ્રજાના ઉત્કર્ષ માટે મોટા પાયે કામ કરે છે. તેઓ ભારપૂર્વક કહેતા કે કોઈ પણ રાષ્ટ્ર પોતાની સંપૂર્ણ પ્રજાનું હિત ધ્યાનમાં રાખ્યા વિના પ્રગતિ કરી શકે નહીં ને આજના ત્વરિત ગતિએ ચાલતા તીવ્ર હરીફાઈના યુગમાં સદ્ધરતા અને સુરક્ષા માટે પ્રાદેશિક સહયોગ વિના ચાલે નહીં. 'ધ સાશિયા સ્ટોરી'નો કેન્દ્રવર્તી સૂર આ જ છે. તેમનાં દસેક દળદાર પુસ્તકોમાંનું પ્રથમ યુનેસ્કો પુસ્તક 'ઈન્ડિયા, પેઈન્ટિંગ ફ્રોમ અંજતા કેવ્ઝ' તેની વર્લ્ડ આર્ટ સિરિઝમાં પ્રકાશિત થયું હતું. 'હિમાલયન આર્ટ'માં હિમાલયના સાંસ્કૃતિક વારસાની શોધ છે તો 'ધ સન ઈન મિથ એન્ડ આર્ટ'માં યુનેસ્કોના સિલ્ક રૂટ એક્સપિડિશન દરમ્યાન થયેલા આંતરસાંસ્કૃતિક સંપર્કો પર પ્રકાશ પાડવામાં આવ્યો છે. 'ધ ટાઈમલેસ એનર્જી ઓફ ધ સન' પુસ્તકથી યુનેસ્કોના વિશ્વ સોલાર પ્રોગ્રામની શરૂઆત થઈ હતી.

મહાત્મા ગાંધીની ૧૨૫મી જન્મજયંતી નિમિત્તે અને યુનાઈટેડ નેશન્સના આંતરરાષ્ટ્રીય સહિષ્ણુતા દિન નિમિત્તે ૧૯૯૫માં યુનેસ્કો-મદનજિત પ્રાઈઝ શરૂ થયું છે. એક લાખ યુ.એસ. ડૉલરનો આ દ્વિવાર્ષિક પુરસ્કાર સહિષ્ણુતા અને અહિંસાની પુષ્ટિ માટે



આપવામાં આવે છે. આ પુરસ્કાર મેળવનારાઓમાં ઈજિપ્તના ચેનૌડા ત્રીજા, મ્યાનમારનાં ઑંગ સાન સી કી અને બાંગ્લાદેશનાં તસલીમા નસરીનનો સમાવેશ થાય છે.

ભારતની જ નહીં, સમગ્ર દક્ષિણ એશિયાની વિખૂટી પાડી દેવાયેલી ગ્રામીણ પ્રજાના ઉત્કર્ષ માટે સર્વસ્વ ખર્ચી નાખનાર મદનજિતસિંહનો સાશિયા અંગેનો વિચાર સાર્ક (સાઉથ એશિયન એસોસિયેશન ફોર રિજનલ કો-ઓપરેશન)ના હાર્દમાં રહેલા મૈત્રીપૂર્ણ સહયોગને એક પગલું આગળ લઈ જનારો છે.

'સાશિયાની કથા' પુસ્તક તેના આકાર, લેઆઉટ, ઉત્તમ છપાઈ અને તસવીરોને લીધે જુદું તરી આવે છે. દરેક પાનામાં નીચે ગ્રે રંગના બોક્સમાં એ પાનાનું હાર્દ મૂકાયું છે. સુંદર અને કલાત્મક તસવીરો આપણા વિશાળ ઉપખંડની વિશેષતાઓ બતાવે છે. રોજ રોજની દોડધામમાં આપણે આજુબાજુ વિખેરાયેલું પ્રાકૃતિક સૌંદર્ય અને સાંસ્કૃતિક વૈવિધ્ય જોવાનું કેમ ચૂકી જઈએ છીએ તેવો વિચાર આ પુસ્તકમાંથી પસાર થતાં જરૂર આવે. સાથે એવો વિચાર પણ આવ્યા વિના ન રહે કે આજના પલટાયેલા સમયમાં રાજકીય અને વૈચારિક સરહદોમાંથી બહાર નીકળવું અનિવાર્ય થઈ ગયું છે. વ્યક્તિ, રાષ્ટ્ર અને વિશ્વ વચ્ચે એકાત્મતા આવે અને માનવીય મૂલ્યો સાથે જીવતો વૈશ્વિક સમાજ અસ્તિત્વમાં આવે તેવું સ્વપ્ન સાકાર થવાનું અસંભવિત ન પણ હોય. આવું સ્વપ્ન જોવા માટે હિંમતની, પોતાની અસહિષ્ણુતાઓમાંથી બહાર નીકળવાની તૈયારી જોઈએ.

૨૦૧૩ના જાન્યુઆરી મહિનામાં તેમનું મૃત્યુ થયું. ભાગલાની પીડાથી શરૂ થયેલી જિંદગી દક્ષિણ એશિયાના રાષ્ટ્રોની એકતાના સ્વપ્ન સાથે પૂરી થઈ, જો કે સાશિયાની કહાણીનો અંત હજી દૂર છે. વિરાટ સ્વપ્નો પૂરાં થતાં વાર લાગે, ક્યારેક પૂરાં ન પણ થાય, પણ તેને માટે પોતાનું સર્વસ્વ આપી દેવાનું પણ ઓછું ભવ્ય નથી. જીવન પ્રત્યે, માનવજાતના ઉજ્જવળ ભવિષ્ય માટે શ્રદ્ધા જગાડતું પુસ્તક.

('સાશિયાની કથા' મદનજિતસિંહ (યુનેસ્કો ગુડવિલ એમ્બેસડર), અનુવાદ - જયશ્રી માનસેતા,
પ્રકાશક - એન.એન. ઠક્કર એન્ડ કંપની, ૧૪૦, પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ-૪૦૦૦૦૨.
પૃષ્ઠ ૨૨૪ ડેમી સાઈઝ, મૂલ્ય રૂ. ૫૯૫)
(સંપર્ક : બી/૨, રીતિકા એપાર્ટમેન્ટ, એસ.વી.રોડ, દહીંસર (પૂર્વ), મુંબઈ-૪૦૦૦૬૮

---

**પૂર્ણતા એ ધીમું મૃત્યુ છે.**

''બધું જ જો મારી યોજના અને અપેક્ષાઓ મુજબ બને તો કોઈ નવીન અનુભવ માટેનો અવકાશ જ ન રહે, અને મારું જીવન વાસી સફળતાઓની એક ઘટમાળ જેવું બની રહે. જ્યારે હું કશીક ભૂલ કરું છું ત્યારે કંઈક નવીન અનપેક્ષિત અનુભવ મને મળે છે.

જ્યારે જ્યારે મારી ભૂલો તરફ, ક્ષતિઓ તરફ મેં લક્ષ્ય આપ્યું છે ત્યારે ત્યારે હું કંઈક વિકસિત થયો છું.''

**- હુજ પ્રેથર (નોટસ્ ટુ માયસેલ્ફ)ના શ્રી માવજી સાવલાના સારાનુવાદ 'મારી જાત સાથેની વાત'માંથી.**

# ગૂંગળામણ

**લાભશંકર ઠાકર**

ગૂંગળામણ થાય છે. કુટુંબમાં, કચેરીમાં, મિત્રોમાં બધે જ ગૂંગળામણ થાય છે. હું શું કરું? કોઈને સાચી વાત સમજવી નથી. બધાને પોતાનો કક્કો જ ખરો છે એમ ઠસાવવું છે. મારી વાત કોઈ સમજતું નથી. મને ગૂંગળામણ થાય છે. એમ થાય કે આમ ગૂંગળાઈને જીવવાનો અર્થ શો? આના કરતાં તો જીવનનો અંત લાવી દેવો સારો. મારી આ અંગત અને વિચિત્ર સમસ્યા વિશે તમારા લેખમાં યોગ્ય ચર્ચા કરીને માર્ગદર્શન આપશો?

ઉપરનો ફકરો એક વાચકમિત્રના પત્રમાંથી ટૂંકાવીને રજૂ કર્યો છે. ગૂંગળામણ અનુભવતા મિત્ર, આવો થોડી વાતો કરીએ.

તમારી વાત સાચી છે. દરેકને પોતાનો કક્કો જ ઘૂંટવામાં અને ઠસાવવામાં રસ છે. આવી સ્થિતિમાં 'જે છે' તે સત્યને, યથાર્થ ઝીલવાની, સમજવાની અને સ્વીકારવાની કોઈની તૈયારી નથી. નથી ઘરમાં કોઈ તૈયાર, નથી ઓફિસમાં કોઈ તત્પર કે નથી કહેવાતા મિત્રોમાં કોઈની આવી તૈયારી. આવી સ્થિતિમાં ગૂંગળામણ થાય તે સમજી શકાય તેમ છે. નિરાશા થાય, એકલતાનો અનુભવ થાય. જીવન નિરર્થક છે એમ લાગે. આ બધું જ અમુક હદે સાચું હોવા છતાં મિત્ર, જીવનનો અંત લાવી દેવા સુધીની લાગણીની તીવ્રતા બરાબર છે? હું તો મિત્ર, તમને એમ પણ કહું કે બધા ભલે પોતપોતાનો કક્કો ગણગણતા હોય. આપણે આપણો કક્કો નથી ગણગણવો. આપણે કોઈને એ ખોટા છે અને આપણે સાચા છીએ એમ સમજાવવાનો ઉત્સાહ જ નથી બતાવવો. કોઈ પૂછે તો જવાબ આપીએ. કોઈ સંભાષણ કરે તો જરૂર સંવાદ કરીએ, પણ આપણું સત્ય ઠસાવવા માટે જ સંભાષણ કરવાની જરૂર ખરી? મિત્ર, સત્યનો અંત જ નથી, સત્ય તો પ્રતિ પળે પ્રગટ થયા જ કરે છે. કોઈ એક અને અંતિમ સત્ય નથી. સત્ય, ક્ષણે ક્ષણે પ્રગટ થયા કરે છે. એને કોઈ ચહેરો જ નથી. 'સત્યનો ચહેરો' એવો પ્રયોગ પણ મને તો વિચિત્ર લાગે છે. પોતે આરોપિત કરેલા વિચારના ચહેરાને સત્ય માની લેવાની ભૂલ કરવી જોઈએ નહિ.

સાચું કહું તો સત્યને કોઈ ચહેરો નથી એવી સમજ આ લેખ લખતાં લખતાં મનમાં પ્રગટ થઈ. આ ક્ષણ સત્યની છે અને મારી ચેતના નવા જ સ્ફુરણનો અનુભવ કરે છે. આ સ્ફુરણા ચૈતન્યપોષક અને જીવનપ્રેરક છે. 'કોઈ સત્યને સમજવા તૈયાર નથી' એવી સમજણની ક્ષણ પણ મને માનવજીવનના સત્યનો અનુભવ કરાવે છે. આ ક્ષણે હું ગૂંગળાતો નથી. બલકે હું ચેતોવિસ્તાર અનુભવું છું. 'ચેતોવિસ્તાર' એવો શબ્દપ્રયોગ સુંદર અને અર્થપૂર્ણ છે. ચેતના સંકોચ નહિ, પણ વિસ્તાર અનુભવે ત્યારે 'ચેતોવિસ્તાર' થયો એમ કહેવાય. સત્યની ક્ષણ અવિનાભાવિ નિયમરૂપે ચેતનાનો વિસ્તાર કરે છે. સત્યની ક્ષણ એટલે ચૈતન્યનો વિકાસવિસ્તાર. પ્રિય મિત્ર, હું એમ કહેવા માગું છું કે નકારાત્મક લાગતા સત્યના અનુભવની ક્ષણે પણ જીવનની ચેતના વિસ્તાર અનુભવે છે. આ સત્ય નથી. આ સત્ય નથી, એમ 'નેતિ-નેતિ'ના ઉચ્ચારણની ક્ષણો પણ સત્યની જ ક્ષણો છે. એ ક્ષણો પરમ રોમાંચક અને આનંદદાયક હોય. પરિવારના કોઈ સભ્ય સાથે, કચેરીના કોઈ સાથી સાથે કે મિત્ર સાથે યથાર્થ વિનિમય થતો નથી, ભાષા ગૂંચવણ ઊભી કરે છે, વિનિમય (કોમ્યુનિકેશન) શક્ય નથી. આવા તીવ્ર અનુભવને પણ નકારાત્મક અનુભવ ગણવાની જરૂર નથી. આવા અનુભવ વખતે પણ પોતાની ચેતના તો સત્યનું આકલન કરી રહી છે.

સામી વ્યક્તિ સમજે અથવા ન પણ સમજે. એ માટેના તીવ્ર આગ્રહની જરૂર નથી. આપણે સમજીએ તે ક્ષણ આત્મપ્રકાશની છે. પોતાને સમજાય તેનો આનંદ કંઈ ઓછો નથી. બીજાને સમજાય તો તે આનંદની વાત છે, પણ તે માટેનો હઠાગ્રહ જરૂરી છે? બીજા ન સમજે તે માટે 'ગૂંગળામણ' અનુભવવાની જરૂર છે? અને એના સાતત્યમાં જીવનનો અંત લાવી દેવા સુધીની લાગણી થઈ આવે તે તો હરગિજ બરાબર નથી.

મનુષ્ય-મનુષ્ય વચ્ચેનાં તાર્કિક સંભાષણો નિષ્ફળ જાય તેમાં કંઈ જીવન સમગ્રનો અંત આવી જતો નથી. જીવન ગૂઢ, રહસ્યમય, ચૈતન્યસભર અને પળે પળે રમણીયતાનો અનુભવ કરાવે તેવું સમૃદ્ધ છે. જીવનના આનંદનો ક્યાં અંત છે! અરે, આ લખતાં લખતાં જ કાચની બારી પાસે ગુંજારવ સાંભળ્યો. જોયું તો એક કાળો ભમરો કાચને અથડાઈ રહ્યો છે. મેં બારી ખોલીને એને અનુકૂળતા કરી આપી. મને વિચાર આવ્યો કે અરે આ ભમરો ક્યાંથી આવી ચઢ્યો? પછી તરત ખ્યાલ આવ્યો કે વસંતઋતુ બેઠી છે. કળીઓ ઉઘડી છે. તેથી ભમરો ક્યાંકથી આવી ચડ્યો હશે. ઘણાં વર્ષે ભમરો જોયો અને એનો ગુંજારવ સાંભળ્યો. મને તો આનંદ આનંદ થઈ ગયો. મિત્ર, જીવનની અજબ ક્ષણો ઊઘડતી હોય છે. ના દોસ્ત, જીવનનો અંત લાવી દેવાનો વિચાર યોગ્ય નથી.

(લેખકના પુસ્તક 'નિસબત'માંથી સાભાર)

### સંસ્કારિતા આપોઆપ આવતી નથી

''સંસ્કારિતા એ બહુધા પ્રાપ્ત સંસ્કાર છે, તે આપોઆપ વારસામાં આવતો નથી. તે માટે સંસ્કારવારસો આપવાની શિક્ષણવ્યવસ્થા, પરંપરા ઊભી કરવી પડે છે. એ ન થાય, તો બીજી પેઢીએ જ પહેલાં હતી તેવી અસંસ્કારિતા પાછી પ્રવર્તે છે. બહુબહુ મહેનત-મંથનને અંતે સંસ્કારિતા હાથ આવે છે.''

- મનુભાઈ પંચોળી ('દર્શક')

## રવીન્દ્રનાથનો પત્રવિનોદ

### રવીન્દ્રનાથ ઠાકુર

રવિન્દ્રનાથ ભારે જબરા પત્ર-લેખક હતા. માત્ર તેમણે મહત્ત્વના માણસો પર અને અગત્યના મુદ્દાઓ પર લખેલા પત્રોનું જ સંપાદન ૫૬૦ પત્રોનું થયું છે. (સંપાદક : કૃષ્ણા દત્ત અને એન્ડ્રુઝ). એમણે લખેલા કુલ પત્રોની સંખ્યા તો હજારોની થાય. એ જીવતા હતા ત્યારે પત્રસંચયોનાં પુસ્તકોની સંખ્યા ઓગણીસ જેટલી થઈ હતી. મૃત્યુ પછી એમની 'ચિઠ્ઠિપત્ર'નાં પુસ્તકોની શ્રેણી છપાતી જ જાય છે. દસ ભાગ તો થઈ ચૂક્યા છે. આ પત્રો વળી મહાનુભાવોથી માંડી સાવ અજાણી વ્યક્તિઓને પણ લખેલા છે. હેમલતા બાલા રે નામનાં સાવ અજાણ્યાં સન્નારીને એમણે ૨૬૪ જેટલા પત્રો લખ્યા છે!

રવીન્દ્રનાથના પત્રો હંમેશા બહુ ગંભીર જ હોય એવું પણ નથી. એમના સ્નેહી, સંબંધી અને મિત્ર જેવાં મૈત્રેયીદેવી એમની તબિયતની બહુ ચિંતા કરતાં. તેના પર હળવા કટાક્ષો અને વિનોદ કરતો પત્ર વાંચો :

કલ્યાણીયાસુ,

કાલે રાતે સાડા ત્રણ વાગ્યે એકાએક ચાર છીંક આવતાં જ આલુ દોડી આવ્યો - કહે, 'સારું નથી લાગતું?' મેં કહ્યું, જવાહરલાલને તાર કરવો જોઈએ, તેમના સેક્રેટરીને લુધિયાણા એક્સપ્રેસમાં મોકલી આપે. દાકતરી તપાસની જરૂર છે, કેમ કે બીજી ચાર છીંક આવું આવું કરે છે. ફઝલૂલ હકસાહેબને કાને વાત ગઈ છે. તેમણે કહ્યું, એવી છીંક કૉમ્યુનાલિસ્ટિક ન હોય એ બને જ નહીં - એ હિંદુ મહાસભાનું પૂંછડું છે - કાઉન્સિલમાં એનો ફેંસલો કર્યા વગર નહીં છોડું. ભારે ધમાલ મચી ગઈ છે - સત્યેન્દ્ર મિત્ર છાતી ફુલાવીને કહે છે, સત્તાવીશ ગુંડા ભાડે રાખીને તપખીર લગાવી છીંકાવીશ - દરેક છીંકની વચમાં વંદે માતરમ્ ગીત ગુંજી ઊઠશે. ચેમ્બરલેને તાર કર્યો છે. અત્યારે appeasement ની જરૂર છે - પરંતુ છત્રી મળતી નથી. સોવિયેટ ગવર્નમેન્ટે એમ કહેવડાવ્યું છે કે જો આ છીંક આખી આમજનતા વચ્ચે બરાબર સરખે ભાગે નાકે નાકે વહેંચી દેવામાં આવે તો છીંક સામે અમારો કોઈ વાંધો નથી. ટોરી ગવર્નમેન્ટનો સખત વાંધો છે, છીંક હોય કે ખાંસી હોય, એ લોકો મૉનોપોલીના પક્ષમાં છે. લવિંગિંયા મરચાંની ભૂકી ૧,૭૦૦ ગૂણ મોકલી આપી છે. જવાહરલાલે તાર કર્યો છે — કવિના મગજમાંથી કૉંગ્રેસી છીંક પ્રગટી - તે માથે હાથ દઈને બેસી પડ્યો છું. નસકોરામાં સુર સુર થાય છે. નાકની અંદર Official Secret સાચવવાનું Bill પાસ કરવાનો ઠરાવ આવ્યો છે. દહેરાદૂન મેલમાં ધૂર્જટિ આવી પહોંચ્યા છે, કહે છે, ગુરુદેવ, તમારી વિશ્વને કંપાવી મૂકતી છીંક ચલાવો, ખૂબ સખત રિપોર્ટ કરી દઉં છું. આજે આટલું જ - પરંતુ ખાનગી.

(શ્રી મહેશ દવેના પુસ્તક 'પાંદડે પાંદડે રવિ'માંથી સાભાર)





- 'મિ. ગોડ, ધીસ ઈઝ આન્ના' પુસ્તિકા વાંચી. ગમી. નિવેદનમાં જણાવ્યું છે તેમ પુસ્તિકા બહારના જગતને અંતરનું જગત, પોતાનું જગત, માનવનું જગત બનાવવામાં તેમજ હૃદયની બારીઓ ખુલ્લી કરવામાં સહયોગ કરી શકે તેમ છે, જો આપણી માનસિકતાને બદલવા થોડાક પ્રયાસ કરીએ તો. આ 'જો' - 'તો'માં અટવાયેલાઓને ભગવાન પણ 'ભાગ્યશાળી' ન બનાવી શકે. પ્રયાસ પૂરતો નથી એથી વિશેષ કૈંક છે એ કરવું રહ્યું. આવી પુસ્તિકાઓ થકી થોડુંક એ દિશામાં ચોક્કસ આગળ વધી શકાય છે. એ માટે સહુને અભિનંદન.

(ભદ્રા સવાઈ, વિક્રમ સવાઈ)

- પૂ. બાપુજી (સ્વ. માવજીભાઈ સાવલા)નો 'વિચારવલોણું' સાથેનો - તમારી સાથેનો ગાઢ નાતો રહ્યો. આપે 'વિચારવલોણું'ના માધ્યમ દ્વારા એમને વ્યક્ત થવા મોકળું આકાશ આપ્યું તે બદલ અમે ઋણી રહીશું. એ સિવાય પણ મિત્રભાવે તમે સદાય બાપુજી માટે જે સદ્ભાવ-સ્નેહ રાખ્યા તેની હું સાક્ષી છું. તમારા જેવા ઉત્તમ મિત્રો થકી જ બાપુજી જીવનની છેલ્લી ક્ષણ સુધી ચેતનાના જીવંત ધબકારનો અનુભવ કરતા રહ્યા. આ બધા માટે 'આભાર' શબ્દ ઓછો જ પડે. (દક્ષા સંઘવી)

- વિકટર ફ્રેન્કલના પુસ્તક 'Men's Search for Meaning' નો સોનલબહેન પરીખનો ભાવાનુવાદ અનેક રીતે વિચારોત્તજક છે, ખાસ તો તેના નિષ્કર્ષને કારણે! આ સંદર્ભમાં, હવે એ સમજાય છે કે શા માટે આપણા મોટા ભાગના ધર્મોમાં ભૌતિક સમૃદ્ધિને લગભગ સંપૂર્ણપણે અવગણીને, આધ્યાત્મિક ઉન્નતિ ઉપર ભાર અપાયો છે અને તે માટે ભલે જુદા જુદા શબ્દોમાં જુદી જુદી રીતે સમજાવીને, વ્રત-ઉપવાસ, તપ-ત્યાગ અનિવાર્ય મનાયા છે.

  આમ છતાં, ના જાણે કેમ, મોટા ભાગની તથાકથિત ધાર્મિક વ્યક્તિઓ, આ તપ-ત્યાગ થકી જ કોઈ વિચિત્ર પ્રકારની ગુરૂતાગ્રંથિ વગેરેમાં ફસાઈ જઈને, અન્યોને હલકા, નિકૃષ્ટ માની લે છે. તેમને સુધારવા કે સજા કરવા જ નહીં મારી નાખવા તૈયાર થઈ જાય છે. ભલે પછી તેઓ અન્ય ધર્મના જ નહીં, પરંતુ પોતાના ધર્મના પણ અન્ય પંથ-સંપ્રદાયના હોય અને તેમનાં આવા કૃત્યો દ્વારા પોતાના ભગવાન, પયગંબર, ધર્મ ટીકાપાત્ર બનતા હોય. (અશોક નં. શાહ)

- 'કાંકરીચાળો'માં નિરંજનભાઈએ ઉઠાવેલો પ્રશ્ન પહેલી નજરે લાગે તેવો રાબેતા મુજબનો નથી. હકીકતમાં એ આપણી વ્યક્તિના અને સંસ્કૃતિના મૂળમાં જાય છે. ભારતના કેટલાક બૌદ્ધિકો પણ આ મુદ્દાના મહત્ત્વ વિષે તાર્કિક રીતે ગુંચવાયેલા છે. એટલે પહેલાં તો હું આવો મુદ્દો ઉઠાવવા બદલ એમને અભિનંદન આપું છું.

  બીજું, હું ઘણા સમયથી (જ્યારથી અહીંના મારા મિત્ર અશોક વિદ્વાંસે લગભગ દસેક વર્ષ પર મને એનાથી પરિચિત કરાવ્યો ત્યારથી) 'વિચારવલોણું'નો પ્રશંસક રહ્યો છું. તમારા નવેમ્બર-૨૦૦૭ના અંકમાં બીજા કેટલાક સુંદર લેખો સાથે મારા પુસ્તક 'કલ્ચર કેન

(અનુસંધાન માટે જુઓ પાના નં. ૩૩)

# આપણી વાત

જો તમે નિયમિત 'વિચારવલોણું' વાંચતા હો, જો તમને એ ગમતું હોય, જો તમને એમ લાગતું હોય કે આ પ્રવૃત્તિ માત્ર પૈસાને કારણે બંધ ના પડવી જોઈએ તો તમે નીચેનાં કામોમાંથી તમને યોગ્ય લાગે તે કરી શકો.

- તમારું ત્રણ કે પાંચ વર્ષનું કે કાયમી લવાજમ સમયસર ભરી દો.
- તમે કમસે કમ બે નવા મિત્રોને તૈયાર કરો, જે લવાજમ ભરીને ગ્રાહક બને.
- તમે એવી થોડીક વ્યક્તિઓ કે સંસ્થાઓ પસંદ કરો જેમને તમારા મતે 'આપણું વિચારવલોણું' મળવું જોઈએ. તમે એમનું ત્રણ કે પાંચ વર્ષનું લવાજમ ભેટમાં આપી શકો.
- તમે નાની-મોટી રકમ અમને દાન તરીકે અથવા વ્યાજમુક્ત લોન તરીકે આપો. જેનું વ્યાજ અમે રાખીએ પણ મૂળ રકમ તમારી જ રહે. તમે માગો ત્યારે તે રકમ તમને પાછી મળી જાય.
- સારા-માઠા પ્રસંગે અમારી પુસ્તિકાઓ ખરીદીને ભેટ આપો.
- અમારો કોઈ અંક કે પુસ્તિકાને માટે રૂ. ૧૫,૦૦૦ આપીને સ્પોન્સર કરી શકો.
- તમને ગમેલી અમારી પુસ્તિકાઓને જાતે છાપવાને બદલે અમારી પાસેથી ખરીદો. એ નાની આવક અમને ટકી રહેવાનું બળ આપે છે.
  આશા છે કે આ બાબતો પર વિચાર કરીને આપ ઘટતું કરશો.
  તમારાં સૂચનો આવકાર્ય છે.
- **હવે આપણને ઈન્કમટેક્ષમાં રાહત આપવા માટે "80G" સર્ટિફિકેટ આપવાની મંજૂરી મળી ગયેલ છે, જે સૌની જાણ સારું.**

**- ટ્રસ્ટીઓ અને સંપાદકો : વિચારવલોણું પરિવાર**

**નોંધ :**
બી.એડ્., એમ.એડ્., સમાજશાસ્ત્રના વિદ્યાર્થીઓ અને અધ્યાપકો માટે 'વિચારવલોણું'નું લવાજમ એક વર્ષનું રૂ. ૧૫૦/- રહેશે. તેમના ભાગના બાકીના રૂ.૧૦૦/- શ્રી સુરેશભાઈ પરીખ આપશે.



# કાંકરીચાળો

એમ કહેવાય છે કે, ભારત પાસે પ્રમાણમાં અન્ય દેશો કરતાં યુવાધન વધારે છે. આપણા અનેક યુવા-યુવતીઓ દેશમાં ઉચ્ચ અભ્યાસ કરી, વિદેશોમાં ઉચ્ચ અભ્યાસ અર્થે, નોકરી માટે વિદેશોમાં જાય છે, ગયા છે, ત્યાં સ્થાયી થયા છે. આપણી યુવાપેઢીને આપણી કેટલીક સિસ્ટમો સામે અણગમો હોય છે, ક્યાંક સામાજિક સંરચના-રૂઢિઓ વગેરે પણ ખૂંચે, વિદેશની સ્વચ્છતા- સારું સ્વાસ્થ્યજનક ખાનપાન, શિસ્ત, નિયમો, પ્રદૂષણરહિત જીવનધોરણ અને સારી આવક - આ બધું સહજ આકર્ષે.

અહીં ભારતમાં જ રહી ભણતા, ઉચ્ચ અભ્યાસમાં તેજસ્વીતા દર્શાવતા, સારા નોકરી-ધંધામાં જોડાતા વિદ્યાર્થીઓની સંખ્યા પણ ઘણી મોટી છે. જીવનના ઘડતરમાં શિક્ષણને પાયાનું એકમ ગણવામાં આવે છે. શિક્ષણનું ધ્યેય જ એ છે કે માનવીનો સર્વાંગી વિકાસ કરે, એને સારો, જવાબદાર નાગરિક બનાવે. માતા-પિતા પણ પોતાના સંતાનના ઉજ્જવળ ભાવિ માટે કદાચ આવા જ સારા હેતુઓ સામે - સાથે રાખીને ઉછેર કરતાં હોય છે.

પણ ... નાના-મોટા કારણસર હિંમત હારી જતા, જીવનથી કંટાળી જતા, પ્રશ્નો-મૂંઝવણો-પ્રેમ-પ્રેમની નિરાશા-ભણતરથી હારી જતા યુવા-યુવતીઓ વિશે જાણીએ છીએ ત્યારે ઊંડા આઘાતની લાગણી થાય છે. જ્યારે, આપઘાતનું અંતિમ પગલું ભરતાં પણ તે ખચકાતા નથી. અરે, ક્યારેક તો હાઈસ્કૂલનો અભ્યાસ કરતા છોકરા-છોકરી આવા કોઈ કારણે આપઘાત કરવાના સમાચાર અખબારમાં વાંચવા મળે છે. ચેન્નાઈનો હોનહાર તેજસ્વી યુવાન આપઘાત કરે છે, અમદાવાદની લગ્નને માંડ ૨-૪ મહિના થયા છે તે યુવતી આપઘાત કરે છે ... ક્યાંક વળી કોઈ ભાગી જાય છે, એવી કોશિષ કરે છે. પ્રશ્ન થાય, એમને વાત કરવા, વ્યક્ત થવા શું ક્યાંય-કોઈ જગ્યા નહીં હોય? રડવા માટે કોઈનો ખભો-ખોળો નહીં હોય? આછીપાતળી એકેય આશાનું કિરણ એમને દૂર કે નજીક નહીં દેખાતું હોય? કોઈની સાથે એવા ભરોસાના સંબંધ નહીં હોય? બધી રીતે જોતાં એમને મૂલ્યવાન જીવન કરતાં શું મોત જ શ્રેષ્ઠ વિકલ્પ લાગ્યો હશે? શું આપણે (મા-બાપ, સમાજ, મિત્રો વગેરે) એમને, એમની પીડા-પ્રશ્નોને સમજી જ ન શક્યાં? ક્યાં, શું ખોટ-અભાવ રહી ગયા?

સંવેદનશીલ વ્યક્તિ તરીકે, સામાજિક નાગરિક તરીકે આપણને ચિંતા ને દુ:ખ થવાં જ જોઈએ. આપણે કારણોનાં મૂળ ને ઉપાયો, સમજણની એક આખી પ્રેમસભર વ્યવસ્થા વિકસાવવી જ રહી. આમ પલાયનવાદી તો ન જ બનાય ને? લગભગ દરેક ઘર-પરિવારના યુવા સંતાનો સાથેના આવા અનેક પ્રશ્નો, મતભેદો, અભાવો પ્રગટ કે અપ્રગટ રીતે હોય છે! કોઈ યુવાઓ વિદ્રોહી બની જાય, અવિશ્વાસુ, અપ્રમાણિક બની જાય. આપણા યુવાધનનું આવું વર્તમાન ને ભાવિ?? ધર્મ, સંસ્કૃતિ, સંસ્કારની તો આપણે સગૌરવ વાહ વાહ કરીએ છીએ.

પ્રેરણાદાયી વાતો, વિચાર, તાલીમો, સાહિત્ય-ખૂબ પ્રસરેલાં છે. તો પણ આમ કેમ? તમે શું કહો છો? આપના સંવાદ લેખો તા. ૩૦ માર્ચ, ૨૦૧૬ સુધીમાં મળે તે રીતે મોકલવા વિનંતી છે.

**પ્રજ્ઞા પટેલ**
(પ્લોટ નં. ૧૬૮૭/૧, સેક્ટર-૨ ડી, ગાંધીનગર-૩૮૨૦૦૨. મો. ૯૮૨૫૪ ૩૮૩૯૪)